# પગલાં તળાવમાં

(ગઝલસંગ્રહ)

**અશોક ચાવડા 'બેદિલ'**

કાંઠાઓ રોઈ રોઈને જળને પૂછી રહ્યા :
ભૂલી ગયું છે કોણ આ પગલાં તળાવમાં?

**રન્નાદે પ્રકાશન**

Paglan Talaav Ma
Gazals by Ashok Chavda 'Bedil' (2003)
RANNADE PRAKASHAN-2012, Reprint-2014, 2017
ISBN : 978-93-82456-03-2
© મૈત્રી-હર્ષિલ
www.ashokchavda.com

**સંસ્થાપક :** મનહર મોદી
**પ્રેરક :** જયેશ મોદી

**પ્રથમ આવૃત્તિ** : ૨૩, ઑગસ્ટ ૨૦૦૩
**દ્વિતીય સંવર્ધિત આવૃત્તિ** : ૨૩, ઑગસ્ટ ૨૦૧૨
**તૃતીય આવૃત્તિ** : ૨૨, ફેબ્રુઆરી ૨૦૧૪
**ચોથી આવૃત્તિ** : ૨૨, ફેબ્રુઆરી ૨૦૧૭

**આવરણ અને કવિ તસવીર** : સંજય વૈદ્ય
**મુખપૃષ્ઠ સજાવટ :** નિર્મળ સરતેજા
**પુસ્તક સજાવટ :** મૈત્રી પ્રિન્ટપૅક, અમદાવાદ-૩૮૦૦૧૩

**મુદ્રક :** ઈઝી પ્રિન્ટ, શાહીબાગ, અમદાવાદ
**પૃષ્ઠ :** ૧૦૮

**પ્રકાશક :**
હંમેશ મનહર મોદી
રન્નાદે પ્રકાશન,
૫૮/૨, બીજે માળ, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૬૪ ફેક્સ : ૦૭૯-૨૨૧૪૬૧૦૯
ઈ-મેલ : rannade_2002@yahoo.com
વેબસાઈટ : www.rannade.com
**મૂલ્ય : રૂા. ૧૦૫-૦૦**

**અર્પણ**

પૂજ્ય મમ્મી-પપ્પા...

શ્રીમતી હંસાબહેન અને શ્રી પીતામ્બરભાઈ ચાવડાને...

આપનો ખોળો ભવોભવ ખૂંદવા મળે...

**સ્મરણ**

- જયંત કોરડિયા, રજનીકાન્ત સથવારા, કિરણ ચૌહાણ, ધ્વનિલ પારેખ, પ્રિયા મહેતા, દિલીપ દવે
- કૃષ્ણ દવે, નવનીત જાની, હરદ્વાર ગોસ્વામી, અંકિત ત્રિવેદી, નિખિલ જોષી, ચંદ્રેશ મકવાણા
- ધીરુ પરીખ, હરિકૃષ્ણ પાઠક, રવીન્દ્ર પારેખ, પ્રવીણ પંડ્યા, નલિન પંડ્યા,રાજેન્દ્ર પટેલ
- મનીષી જાની, જયંત પરમાર, દ્વારકેશ વ્યાસ, નીરવ પટેલ, મધુકાન્ત કલ્પિત, ભરત યાજ્ઞિક
- પ્રા. રંતિદેવ ત્રિવેદી, પ્રા. બ્રિજેશ ભટ્ટ, પ્રા. હર્ષદેવ માધવ, પ્રા. સૌમ્ય જોષી, પ્રા. સંજય ભાવે, પ્રા. શ્રદ્ધા ત્રિવેદી
- નવસંસ્કાર હાઈસ્કૂલ, સી.યુ.શાહ કૉમર્સ કૉલેજ, એચ. કે. આર્ટ્સ કૉલેજ
- એ સહુ મિત્રો-સ્વજનોનું જેમણે મને લખતો જ જોયો.

**સલામ**

- ચિનુ મોદી, મનહર મોદી, લાભશંકર ઠાકર

**આભાર**

- બુદ્ધિપ્રકાશ, કવિલોક, કુમાર, શબ્દસૃષ્ટિ, કવિતા, અખંડ આનંદ, પ્રખર, પછાડ, ઓળખ, તાદર્થ્ય અને એ તમામ સામયિકોનો, સંપાદનોનો જેમણે મારી કૃતિ પ્રકાશિત કરી.
- આકાશવાણી, દૂરદર્શન
- બુધ સભા, શનિ સભા

# મારી વાત

મારે તમારી સાથે એક વીતેલો પ્રસંગ આજે ઊજવવો છે અને એ પ્રસંગ છે કાવ્યસર્જનની શરૂઆતનો. છંદોલય ઘૂંટતાં ઘૂંટતાં શરૂ કરેલ પા... પા... પગલી...પગલાં સુધી વિસ્તરશે કે કેમ? એની ચિંતા કર્યા વગર સતત લખતો રહ્યો છું. કુટુંબમાં કાવ્યકર્મ કરવાનું મારા જ ભાગ્યમાં જ લખાયું છે. અભ્યાસ અને અન્ય સામાજિક-આર્થિક વિટંબણાઓની શિલાઓ વચ્ચે મારામાં કવિતાનું મીઠું ઝરણું અવિરત વહેતું રહ્યું છે તેનો મને આનંદ છે. કવિ ભીડમાં પણ એકલો હોય છે એવું ઘણી વાર અનુભવ્યું છે. મારી અંદર રહેલી એકલતાએ મને કોર્યો છે અને પરિણામ સ્વરૂપ જડી છે કવિતા. ભૂતકાળમાં લખાયેલ ઘણા શે'ર વર્તમાનમાં અક્ષરશઃ સાચા પડતા જોયા છે એથી કદાચ એવું કહેવામાં અતિશયોક્તિ નહીં લાગે કે મારી ગઝલ મારા જીવનનું પ્રતિબિંબ છે.

'ગઝલ' મને અતિ પ્રિય એવો કાવ્યપ્રકાર છે. એનું કારણ એની દાવા-દલીલ છે અને આ દાવા-દલીલને પરિણામે જ ગઝલ બોલચાલની બાની ધરાવે છે. ગઝલ ગમવાનું કારણ કવિએ કવિએ જુદું હોય એમાં ના નહીં, પણ ગઝલના પાંચે શે'ર સ્વતંત્ર હોવાને લીધે એક ગઝલ બરાબર પાંચ કવિતા – એ તથ્ય હજુ ઘણા લોકો સ્વીકારતા નથી. હા, એ માનવું રહ્યું કે પાંચેપાંચ શે'ર એક જ ભાવ નિરૂપતા હોય તોય તે ગઝલ તો બને જ છે.

મને ગઝલ ગમવાનું કારણ સીધું ને સરળ છે. એકદમ ક્લિક થતા શે'ર. બે પંક્તિના શે'રમાં કવિ એવી વાતો મૂકી શકે છે જેને અન્ય સાહિત્યપ્રકારમાં મૂકવી હોય તો પાનાં ઉપર પાનાં ભરવા પડે. મારા મતે 'ગઝલ' એક 'પંચ'થી (મુક્કો) ઓછી શક્તિશાળી નથી. પાંચ આંગળી જેવા પાંચ શે'ર વારાફરતી વધતી-ઓછી માત્રાએ માનસપટલ પર અંકાય અને લાગણીઓને હચમચાવી દે, એ પ્રક્રિયા જ અનોખી છે.

વર્તમાન ગઝલની પાટી એ હદે ભરાયેલી છે કે નવા ગઝલકારે નવો એકડો ઘૂંટવા મથામણ કરવી જ પડે. આ મથામણમાંથી પસાર થવાનો લહાવો મેંય લીધો છે. ગઝલસર્જન વખતે મારી લાગણીઓ મારા સુધી સીમિત ન રહે એનો

ખ્યાલ રાખવાનો મેં પ્રયત્ન કર્યો છે. સરળતા, પ્રવાહિતા અને નવીનતા – આ ત્રણ સીમાડા બાંધી હું ગઝલમાં પરોવાયો છું. ક્યાંક નવી અનુભૂતિ લાવવાનો પ્રયાસ છે તો ક્યાંક પરંપરાનું અનુસરણ. આમાંથી તમને જે ગમશે તે મને પણ ગમશે.

મારી ગઝલયાત્રામાં મને મારા ગુરુજનો, સહાધ્યાયીઓ, સાથી કવિમિત્રો અને પરિવારજનોનું પ્રોત્સાહન ઘણું ઉપયોગી નીવડ્યું છે. એ બધાનો હું ઋણી રહીશ. જેમણે મને અને મારી કવિતાને પ્રેમ કર્યો છે તેમનો હું આભાર માનું છું અને સાથે સાથે જેમણે મને અને મારી કવિતાને પ્રેમ નથી કર્યો એમનો પણ આભાર માની વિરમું છું.

**૧૫, ઑગસ્ટ ૨૦૦૩** **- અશોક ચાવડા**

***

## બીજી આવૃત્તિ વેળાએ

**એક વીતેલો પ્રસંગ મારે ઊજવવો છે ખુદા,**
**એક પળ માટે વીતેલી જિંદગીનું કામ છે.**

'મરીઝ' સાહેબનો આ શે'ર બીજી આવૃત્તિવેળાએ સહજ સ્મરાઈ જાય છે. ૨૦૦૩માં પાડેલાં પગલાં ૨૦૧૨માં પુનઃ પડી રહ્યાં છે ત્યારે આનંદ અને વિષાદ બેઉ પ્રકારનાં સંવેદનોનો અનુભવ થાય છે. આનંદ એ વાતનો કે ગત વર્ષોમાં અનેક સાહિત્યરસિકોની સાથે રમેશ પારેખ જેવા વટવૃક્ષથી લઈ સાહિત્યમાં નવી કૂંપળ જેમ પાંગરતા શૈલેષ પંડ્યા સુધીના કવિઓને આ સંગ્રહનું આકર્ષણ રહ્યું છે અને હા, વિષાદ એ વાતનો કે ૨૦૦૩ની પા... પા... પગલી જો ૨૦૧૨માં જ પ્રકાશિત કરી હોત તો...! અલબત્ત, શૈશવનો મહિમા એક બાળક જ સમજી શકે છે એવું માની તળાવમાં કરેલ આ છબછબિયાં મને ગમે છે અને પુનઃ પ્રકાશિત થાય છે એ જ સૂચવે છે કે એ તમને પણ ગમે છે. સંગ્રહમાંની અનેક ગઝલોને અદકો આવકાર મળ્યો છે.

આ નવી સંવર્ધિત આવૃત્તિમાં આ સંગ્રહ વિશે લખાયેલાં અવલોકનો અને આસ્વાદો સમાવિષ્ટ છે, જે માણવાં ગમશે. આ અદ્યતન આવૃત્તિમાં ગઝલનો અંતિમ પાઠ છે આથી સંપાદકોએ કોઈ કૃતિના ચયન માટે આ સંવર્ધિત આવૃત્તિ જ ધ્યાનમાં લેવી તેવી મારી વિનંતી છે. વેદના-સંવેદનાને વય હોતી નથી માટે નવા લે-આઉટ સાથે જૂનાં સંવેદનો માણવાં ગમશે જ એવી આશા સાથે પુનઃ સહુ

ગુરુજનો, સહાધ્યાયીઓ, સાથી કવિમિત્રો, વાચકમિત્રો, વિવેચકો, આસ્વાદકો અને પરિવારજનોનો ખૂબ ખૂબ આભાર.

અંતે બસ એટલું જ કે મુરબ્બી મનહરકાકાની હયાતીમાં જ રન્નાદે પ્રકાશન સાથે સંબંધ બંધાઈ ગયો. ગુજરાતી સાહિત્ય અકાદમીની સહાયથી પ્રકાશિત થયેલા આ સંગ્રહને મુ. મનહરકાકાએ મુખ્ય વિક્રેતા તરીકે ૨૦૦૩માં આવકાર્યો હતો, અને આજે દ્વિતીય સંવર્ધિત આવૃત્તિ રૂપે હંમેશભાઈ રન્નાદે પ્રકાશન દ્વારા જ પુનઃ પ્રકાશિત કરે છે, એનો વિશેષ આનંદ છે.

**૨૩, જૂન ૨૦૧૨** **- અશોક ચાવડા 'બેદિલ'**

***

## તૃતીય આવૃત્તિ વેળાએ

**આમ તો વાત એકલાની છે;**
**તોય મારી ગઝલ બધાની છે.**

૨૦૦૩માં 'તળાવ'માં પડેલાં 'પગલાં' ૨૦૧૨માં 'પગરવ' સાથે પુનઃ પ્રકાશિત થયા અને 'પગલાં'-'પગરવ'નો સમન્વય થતાં જાણે કે મારી વેદના-સંવેદનાનો અનોખો સુમેળ સધાયો. આજે ૨૦૧૪માં તે ત્રીજી વાર પ્રકાશિત થઈ રહ્યા છે તેનો આનંદ બસ ઉપર્યુક્ત શેરથી વ્યક્ત કરું છું.

'પગલાં તળાવમાં'ની ૫૧ ગઝલો મુખ્યત્વે ૧૯૯૭ થી ૨૦૦૨ સુધીના સમયગાળા દરમિયાન લખાયેલી છે અને તે વખતે શિષ્ટ માન્ય સામયિકોમાં પ્રકાશિત થઈને લોકચાહના પણ પામી છે. અનેક સંપાદનોમાં ગ્રંથસ્થ થઈ છે. આનંદ એ વાતનો છે કે આટલા વર્ષો પછી પણ આજેય આ સંગ્રહમાંની ગઝલો આવકાર પામી છે. આમ તો આ સંગ્રહમાંની મોટા ભાગની ગઝલો મને વિશેષ ગમે છે, કારણ કે પા... પા... પગલી વખતે મૂકેલી દોટ સરળતાથી માનસમાંથી ભૂંસાતી નથી. આ તૃતીય આવૃત્તિમાં દ્વિતીય આવૃત્તિની જેમ જ અન્ય પ્રકાશિત લેખોનો સમાવેશ કર્યો છે, જેથી મારી ભીતરના 'પગરવ' સુધી પહોંચવું સરળ બની રહે. 'પગરવ તળાવમાં'ની ૧૦૮ ગઝલો ૨૦૦૩થી ૨૦૧૨ સુધીના સમયગાળામાં લખાયેલી છે. ખુશી એ વાતની છે કે તેની પણ બીજી આવૃત્તિ થઈ રહી છે. આમ, ૧૯૯૭ થી ૨૦૧૨ સુધીની ગઝલો ભાવકોને ઉપલબ્ધ થઈ રહી છે. આ નિમિત્તે રન્નાદે પ્રકાશનનો તેમજ સર્વે વાચકો-ભાવકો-ચાહકોનો વિશેષ આભારી છું.

**૧૧, જાન્યુઆરી ૨૦૧૪** **- અશોક ચાવડા 'બેદિલ'**

**બીજી સંવર્ધિત આવૃત્તિ વેળાએ સ્મરણ**

- સુરેશ દલાલ, પંકજ શાહ, મુકેશ જોષી, હિતેન આનંદપરા, દિલીપ રાવલ, વિજય મહેતા
- પ્રફુલ્લ રાવલ, મુકુન્દ પરીખ, હર્ષદ ત્રિવેદી, ધૂની માંડલિયા, તુષાર શુકલ
- ડૉ. મુકુલ ચોકસી, ડૉ. રઈશ મનીઆર, ડૉ. વિનોદ જોશી, હરિશ્ચંદ્ર જોશી
- જોસેફ મૅકવાન, ચંદુ મહેરિયા, કિસન સોસા, ડૉ. મોહન પરમાર, હરીશ મંગલમ્, યશવંત વાઘેલા, હરજીવન દાફડા, મનીષ પરમાર, ડૉ. કિરીટ સોલંકી, અરવિંદ પરમાર
- ડૉ. રંજના અરગડે, ડૉ. ચંદ્રકાન્ત મહેતા, સુભાષ બ્રહ્મભટ્ટ, સુભાષ શાહ, ડૉ. રૂપા મહેતા, ચંદ્ર દૂધરેજિયા, રજની ઠાકર, પ્રશાંત જાદવ
- વત્સલ શાહ, ભાવેશ ભટ્ટ, મધુસૂદન પટેલ, શૈલેષ પંડ્યા, અનિલ ચાવડા, બ્રિજ પાઠક, ગૌરાંગ ઠાકર, તથાગત પટેલ, આતિશ પાલનપુરી, ચિરાગ ત્રિપાઠી, દિલીપ શ્રીમાળી, કૌશિક પંચાલ, ગિરીશ પરમાર
- ક્રિષ્ના જોશી, કાર્તિક ભટ્ટ, નિર્મલ ઝાલા, પૂર્વી ઓઝા, સ્નેહલ જોશી, જાતુષ જોશી, વિમલ અગ્રાવત, જયંત ડાંગોદરા
- ડૉ. સતીન દેસાઈ, વિનોદ ગાંધી, રિષભ મહેતા, કુમારજૈમિની શાસ્ત્રી, દત્તાત્રય ભટ્ટ, ગાયત્રી ભટ્ટ, ત્રિલોક મહેતા, મિલિંદ ગઢવી
- હરકિસન જોશી, કિરીટ ગોસ્વામી, ચંદ્રેશ શાહ, ડૉ. મનોજ જોશી, સતીષ વ્યાસ, વિજય આશર, ડૉ. કેતન કારિયા, આદિત્ય જામનગરી
- આશિષ વશી, પરેશ વ્યાસ, કલ્પેશ ડામોર, હીરેન ત્રિવેદી, ચેતન પટેલ, ઉમેશ સોલંકી, પરેશ પરમાર, ધીરેન પંચાલ, મેહુલ મકવાણા
- સેન્ટર ફૉર ડેવલપમેન્ટ કૉમ્યુનિકેશન
- એ સહુ મિત્રો-સ્વજનોનું જેમણે મને લખતો જ જોયો.

**સલામ**

- ડૉ. રઘુવીર ચૌધરી, ડૉ. ભોળાભાઈ પટેલ, ડૉ. ચંદ્રકાન્ત શેઠ, રાજેન્દ્ર શુકલ, પ્રબોધ જોષી
- રાધેશ્યામ શર્મા, રમેશ પારેખ, ડૉ. રાજેશ વ્યાસ, ડૉ. નીતિન વડગામા

**આભાર**

- ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર
- ગુજરાતી કવિતા ચયન, કાવ્યસૃષ્ટિ, ઉદ્દેશ, બૃહત ગુજરાતી કાવ્યસમૃદ્ધિ, ગઝલગરિમા અને એ તમામ સામયિકોનો, સંપાદનોનો જેમણે મારી કૃતિ પ્રકાશિત કરી.

## ચોથી આવૃત્તિ વેળાએ

**કાંઠાઓ રોઈ રોઈને જળને પૂછી રહ્યા :**
**ભૂલી ગયું છે કોણ આ પગલાં તળાવમાં?**

ઑક્ટોબર, ૨૦૦૦ની એક શનિસભામાં જ્યારે આ સંગ્રહની શીર્ષક ગઝલ સંભળાવી હતી ત્યારે ઉપર્યુક્ત શેરને દાદ આપતા પ્રિય ગઝલકાર મનહર મોદીએ કહ્યું હતું કે 'અશોક, તારો આ શેર તો ૨૦૦૦ વર્ષ જીવશે.' સાચું કહું તો એ વખતે મને પણ સુખદ આશ્ચર્ય થયેલું. અલબત્ત, આજે 'પગલાં તળાવમાં'ની ચતુર્થ આવૃત્તિ વખતે મનહરકાકાના એ સ્નેહને સાદર વંદન કરું છું.

જેમ માતા-પિતાને પહેલું સંતાન વહાલું હોય તેમ પ્રત્યેક સર્જકને પોતાનાં પ્રથમ સર્જન પ્રત્યે લગાવ રહેવાનો જ. માત્ર ૫૧ ગઝલોની મૂડીથી આરંભાયેલી મારી સર્જનયાત્રાના સાક્ષીસમો આ ગઝલસંગ્રહ અત્યારે પણ મારા અન્ય સર્જન સાથે ખભેખભો મિલાવીને ઊભો રહ્યો છે ત્યારે પલકવારમાં મારી આંખ સામેથી એક આખો સમયકાળ પુનઃ પસાર થઈ રહ્યો હોય એવી પ્રતીતિ થાય છે. મેં ગઝલને ચાહી છે એમ સામા પક્ષે ગઝલે પણ મને એટલો જ ચાહ્યો છે એવું નમ્રપણે કહું છું. ગત વર્ષોમાં મારા અન્ય કાવ્યસંગ્રહો પણ પ્રકાશિત થયા, પરંતુ આજે ૧૪ વર્ષે પણ આ સંગ્રહની ગઝલો ભાવકોને સતત આકર્ષતી રહી છે એનો મને આનંદ સવિશેષ છે. હકીકતમાં તો મારી આ કાવ્યયાત્રામાં મને સતત ગઝલે સાચવી લીધો છે અથવા તો એમ કહીશ કે મને મારા સારા-નરસા સમયમાં ગઝલે હાથ આપીને બેઠો કર્યો છે.

આ નવીન આવૃત્તિ નિમિત્તે રન્નાદે પ્રકાશનનો, પ્રિય હંમેશભાઈનો તેમજ સર્વે સર્જકમિત્રો-વાચકો-ભાવકો-ચાહકોનો વિશેષ આભારી છું.

**૦૧, ફેબ્રુઆરી ૨૦૧૭** **- અશોક ચાવડા 'બેદિલ'**

## : : અનુક્રમ : :


| | ગઝલો | પૃષ્ઠ |
|---|---|---|
| ● | ગઝલો | પૃષ્ઠ |
| ૧. | મારામાં | ૧ |
| ૨. | લઈને ચાલ્યાં | ૨ |
| ૩. | જરૂરિયાત મુજબ | ૩ |
| ૪. | હવેલીને | ૪ |
| ૫. | થઈ | ૫ |
| ૬. | ફક્ત પથ્થર હોય છે | ૬ |
| ૭. | મા | ૭ |
| ૮. | પડઘા | ૮ |
| ૯. | પાણીમાં | ૯ |
| ૧૦. | આઈકાર્ડમાં | ૧૦ |
| ૧૧. | પગલાં તળાવમાં | ૧૧ |
| ૧૨. | ક્યાંય તડ નથી | ૧૨ |
| ૧૩. | મને | ૧૩ |
| ૧૪. | વિશ્વ અંધ છે | ૧૪ |
| ૧૫. | આપી શકે તો આપ | ૧૫ |
| ૧૬. | તું | ૧૬ |
| ૧૭. | અવાજમાં | ૧૭ |
| ૧૮. | ફકીરને | ૧૮ |
| ૧૯. | હવા | ૧૯ |
| ૨૦. | આશરે ગયા | ૨૦ |
| ૨૧. | શ્રીફળ વધેરું છું | ૨૧ |

૨૨. લોહી જ લોહી છે........................................૨૨
૨૩. નીકળી ગયો.............................................૨૩
૨૪. શું સબબ હશે?........................................ ૨૪
૨૫. સુધી............................................. ....... ૨૫
૨૬. દંગાફસાદમાં......................................... ૨૬
૨૭. હશે................................................... ૨૭
૨૮. હું.................................................... ૨૮
૨૯. શકે....................................................૨૯
૩૦. સમજ વગર........................................... ૩૦
૩૧. હવે સળગાવ.......................................... ૩૧
૩૨. જોવા દે.................................................૩૨
૩૩. આગ મૂકી છે.......................................... ૩૩
૩૪. લખી મોકલ........................................... ૩૪
૩૫. અનુવાદ કરવાનો.................................... ૩૫
૩૬. સાચવું................................................ ૩૬
૩૭. છે આ તરફ.......................................... ૩૭
૩૮. પ્રિયે................................................ ૩૮
૩૯. ચર્ચાય છે...............................................૩૯
૪૦. મારા શ્હેરમાં........................................ ૪૦
૪૧. થાક લાગે છે........................................ ૪૧
૪૨. હાથે....................................................૪૨
૪૩. મને આપો............................................ ૪૩
૪૪. મારું................................................... ૪૪
૪૫. શાને....................................................૪૫
૪૬. નથી....................................................૪૬
૪૭. હાથતાળી લે........................................ ૪૭
૪૮. જવાબદારી લઈ......................................૪૮
૪૯. રાખું છું..................................................૪૯
૫૦. થોડી....................................................૫૦
૫૧. આવે છે............................................... ૫૧

● **વિવેચનાત્મક લેખો**

૧. 'આદિલ'થી 'બેદિલ' સુધી.................. - ડૉ. ચિનુ મોદી 'ઈર્શાદ' ૫૨
૨. મજબૂત કૂંપળની મથામણ............... - ડૉ. રાજેશ વ્યાસ 'મિસ્કીન' ૫૩
૩. મને ખબર છે મને તું કશું ન દેવાનો.................... - રમેશ પારેખ ૫૬
૪. ગઝલની ભરચક મહેફિલમાં પોતીકો અવાજ........- ડૉ. હર્ષદેવ માધવ ૬૦
૫. લાગણીઓનું કાવ્યઘર.......................... - ડૉ. પ્રફુલ્લ રાવલ ૬૨
૬. ગઝલ સ્વરૂપની આરાધના કરતો દમદાર કવિ........- ડૉ. નરેશ શુક્લ ૬૫
૭. અગોચર પગલાંની સફર.................- ડૉ. સતીન દેસાઈ 'પરવેઝ' ૬૮

● **આસ્વાદ લેખો**

૧. 'નથી'ની પાછળ રહેલી નરવી નિખાલસતા.......... - રાધેશ્યામ શર્મા ૭૬
૨. યાદ................................ - ડૉ. નીતિન વડગામા ૭૯
૩. નામ વગરનો રોગ.............................. - અંકિત ત્રિવેદી ૮૩
૪. આંસુ એટલે ઓગળી ગયેલાં દૃશ્યો.................. - અંકિત ત્રિવેદી ૮૬
૫. એક નોખા અભાવની સભાનતા............. - શૈલેષ પંડ્યા 'ભીનાશ' ૮૮
૬. અશોકનાં પગલાં..............................- રઘુવીર ચૌધરી ૯૨

# પગલાં તળાવમાં

•

અશોક ચાવડા 'બેદિલ'

બસ એટલી સમજ મને પરવરદિગાર દે;
સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાનો વિચાર દે.
દુનિયામાં કૈંકનો હું કરજદાર છું 'મરીઝ'
ચૂકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે.

**-મરીઝ**

## મારામાં

ક્યાં છે હોશોહવાસ મારામાં?
હું જ કરતો વિનાશ મારામાં.

સાવ ખંડેર સમ બધું લાગ્યું,
મેં કરી જ્યાં તપાસ મારામાં.

આ અરીસોય રોજ પૂછે છે,
કોણ બેઠું ઉદાસ મારામાં?

કેમ દફનાવવી વિચારું છું,
હોય મારી જ લાશ મારામાં.

કોઈ 'બેદિલ' મને બતાવે ના,
શું થયું છે ખલાસ મારામાં!

૧૬-૦૨-૧૯૯૯

## લઈને ચાલ્યા

મારા ઘરનાં શુભ ચોઘડિયાં લઈને ચાલ્યાં;
એ ચાલ્યાં તો સાથે ફળિયાં લઈને ચાલ્યાં.

રોકાયાં'તાં વાદળ ખાલી બે પળ માટે,
આ વખતે પણ છતનાં નળિયાં લઈને ચાલ્યાં.

ક્યાં રોકાશું? રસ્તો ક્યાંનો? કંઈ ખબર ના,
ક્યાંક કલમ, કાગળ ને ખડિયા લઈને ચાલ્યાં.

આજ નહીં તો કાલે સૌ જખ્મો રુઝાશે,
તારાં સ્મરણોનાં ઓસડિયાં લઈને ચાલ્યા.

એણે હાથેથી ગંગાજળ મોંમાં મૂક્યું,
'બેદિલ' આંખોમાં ઝળઝળિયાં લઈને ચાલ્યા.

૦૬-૦૭-૨૦૦૧

## જરૂરિયાત મુજબ

કબૂલ થાય દુઆઓ જરૂરિયાત મુજબ;
મળે કદાચ વ્યથાઓ જરૂરિયાત મુજબ.

કદાચ હોય નહીં આંખમાં ખરા સમયે,
આ આંસુઓને વહાવો જરૂરિયાત મુજબ.

કરી ગયો છે બધું રાખ એકલો તણખો,
ફક્ત વહી'તી હવાઓ જરૂરિયાત મુજબ.

ઉદાસી, દર્દ અને આંસુઓ કદીક દગો,
બધાંને કામ હું આવ્યો જરૂરિયાત મુજબ.

દફન કરી ન શક્યું કોઈ લાશ 'બેદિલ'ની,
એ રોજ રોજ મરાયો જરૂરિયાત મુજબ.

૦૯-૦૬-૨૦૦૦

## હવેલીને

જનારાં એ રીતે ચાલ્યાં ગયાં છે સૂની મેલીને;
હજારો કોશિશોથી ના સજાવાઈ હવેલીને.

હવે આથી વધારે ભાગ્યનું શું હોય પલટાવું?
નજૂમીઓ જુએ છે એકબીજાની હથેલીને.

ફરીથી પાંગર્યું છે ફૂલીફાલીને ખખડધજ વૃક્ષ,
તમે બેઠાં હતાં બસ જ્યારથી એને અઢેલીને.

નથી હારી શકાતું કે નથી જીતી શકાતું પણ,
સમય ચાલ્યો ગયો મારો અધૂરો ખેલ ખેલીને.

ફકત એ કારણે હું આંસુઓ સારું નહીં 'બેદિલ',
ઝરણ આગળ જતાં થૈ જાય છે દરિયોય રેલીને.

૦૭-૦૭-૨૦૦૧

# થઈ

પાછી સજીવન એકદમ ઘરની જણસ થઈ;
તું હાથ લાગી કંકુથાપો ને કળશ થઈ.

રસ્તો અજાણ્યો મેં જરા લીધો પ્રવાસમાં,
ચાલ્યો પછીથી સાથ પડછાયોય વશ થઈ.

દીવો લઈને હાથમાં શોધો નહીં મને,
વાતાવરણમાં હું વસેલો છું તમસ થઈ.

કેવી રીતે ભૂલી શકે કોઈ અતીતને?
જે લોહીમાં વ્હેતો રહ્યો હો એકરસ થઈ.

'બેદિલ' હવે એનું મિલન છે આખરી મિલન,
આવી રહી છે એ મને મળવા વિવશ થઈ.

૨૭-૦૮-૨૦૦૧

## ફક્ત પથ્થર હોય છે

હા, કમાણી ઉમ્રભરની ફક્ત પથ્થર હોય છે;
બાંધણી સૌની કબરની ફક્ત પથ્થર હોય છે.

કંકુથાપો સ્હેજ ભૂંસાતાં રુએ છે એ ઘણું,
આમ છો દીવાલ ઘરની ફક્ત પથ્થર હોય છે.

કાચ જેવા આ હૃદયને તું કહે હું ક્યાં મૂકું?
ચીજ સૌ તારા નગરની ફક્ત પથ્થર હોય છે.

સાવ સૂની આંખમાં પડઘા પડે છે યાદના,
યાદ જ્યારે હમસફરની ફક્ત પથ્થર હોય છે.

માથું પટકે તોય ‘બેદિલ’ પ્રાર્થના નિષ્ફળ જશે,
મૂર્તિઓ શ્રદ્ધા વગરની ફક્ત પથ્થર હોય છે!

૧૬-૦૮-૨૦૦૦

## મા

થઈ અજાણી શ્હેરમાં આવ્યા પછીથી મા;
આઠ આનાની ચબરખીમાં જ મળતી મા.

હાથને ચૂમી ભર્યાનો થઈ ગયો અનુભવ,
સાવ કોરી પાટીમાં જ્યાં સ્હેજ ઘૂંટી મા.

શ્વાસ મારા એમ કૈં અમથા વધ્યા છે ક્યાં?
રોજ ખરચાતી રહી છે થોડી થોડી મા!

આ વખત વરસો પછી હું જઈ રહ્યો છું ગામ,
આ વખત થાકી જવાનો હુંય શોધી મા.

આજ હું 'બેદિલ' રડ્યો ત્યારે થઈ છે જાણ,
ખૂબ ભીંજાતી હતી મારામાં કોરી મા.

૩૦-૦૬-૨૦૦૧

## પડઘા

ચાર પાંચ ગોરંભાયેલી પળના પડઘા;
આંખોમાં સચવાઈ રહ્યા છે જળના પડઘા.

વૃક્ષ સુધી ક્યાં પ્હોંચે છે કાગળના પડઘા?
કોણ અહીં ભઈ યાદ કરે પાછળના પડઘા!

આજ ફરી માટીની ભીંતો ગોઠવવી છે,
આજ ફરી પડઘાયા છે વાદળના પડઘા.

એક દિવસ દરવાજો તોડીને નીકળશે,
અંદરથી અથડાતી આ સાંકળના પડઘા.

મૂંઝારાને ડામચિયે શું મૂકે 'બેદિલ'?
રોજ કરે છે પીછો જૂના સ્થળના પડઘા.

૨૯-૧૦-૨૦૦૧

## પાણીમાં

થઈ ગઈ છે લહેરો સજાગ પાણીમાં;
ધીમે ધીમેથી પવન કર સુરાગ પાણીમાં.

વહ્યાં છે ક્યાંક ગરમ આંસુઓ સતત એમાં,
નહીં તો આ રીતે લાગે ન આગ પાણીમાં!

તમે ઊભાં જ રહ્યાં સ્હેજ જ્યાં ચરણ બોળી,
ખીલી ગયો છે પછી એક બાગ પાણીમાં.

થયું પાણીય પાણીપાણી જેને ધોવામાં,
પડી ગયો છે અજબ એક દાગ પાણીમાં.

ફરીથી ભાગ્યમાં અંધારપટ થશે 'બેદિલ',
ભૂલી જવાયો ફરીથી ચિરાગ પાણીમાં.

૧૦-૦૫-૨૦૦૧

## આઈકાર્ડમાં

જે એકલો ઝૂર્યા કરે છે આઈકાર્ડમાં;
મળવા જઉં તો એ મળે છે ભીડભાડમાં.

એકેક દીવાલો ખરે છે રેતરેત થઈ,
તૂટ્યા પ્રથમ તો કંકુના થાપા કમાડમાં.

કરવા નિવારણ જાઉં તો બમણું થઈ જતું,
તું દર્દ એવું દઈ ગઈ છે લાડલાડમાં.

બે હાથની ડાળી ઉપર છે પર્ણ આંગળી,
હોવાપણું મારું અગર બદલાય ઝાડમાં.

દફનાવવાની ના ઉતાવળ ડાઘુઓ કરો,
'બેદિલ' હવે જીવી રહ્યો મરવાની આડમાં.

૦૯-૦૩-૨૦૦૦

## પગલાં તળાવમાં

થીજી ગયું છે એય પણ તારા અભાવમાં;
લોહી હવે વ્હેતું નથી એકેય ઘાવમાં.

કાંઠાઓ રોઈ રોઈને જળને પૂછી રહ્યા :
ભૂલી ગયું છે કોણ આ પગલાં તળાવમાં?

બત્રીસ ગુણની લાગણીનો ભોગ દઈ દીધો,
છલકાયું ત્યારે નીર આ આંખોની વાવમાં.

મંદિર વચોવચ એક માણસની થઈ કતલ,
ઈશ્વર છતાં આવ્યો નહીં એના બચાવમાં.

'બેદિલ' અરીસો આટલું કહીને ફૂટી ગયો,
મારાપણાની છે ઊણપ મારા સ્વભાવમાં.

૧૨-૧૦-૨૦૦૦

## ક્યાંય તડ નથી

ધારીને મેં જોયા કર્યું છે ક્યાંય તડ નથી;
કારણ વગર આ આરસીમાં મારું ધડ નથી.

કોઈ ઉકેલી જાય તો આભાર માની લઉં,
રેખાઓ મારા હાથની સ્હેજે સુઘડ નથી.

મળવું જ હોયે જો મને ખુલ્લો થઈને મળ,
મારાય ચ્હેરા પર હવે એકેય પડ નથી.

તોરણ બનીને ઝૂલવાનો બારસાખ પર,
હું પાંદડાનો જીવ છું લાચાર થડ નથી.

'બેદિલ' મૂકીને જાત ખુદની ક્યાં જતો રહ્યો?
આખું નગર છે મૌન, એના કૈં સગડ નથી.

૩૦-૦૮-૨૦૦૧

## મને

મારી જ અંદર હોય ને તોપણ લડે મને;
મારો જ પડછાયો હવે કાયમ નડે મને.

હું એક તણખો આગનો મૂંઝાઉં એકલો,
કોઈ હવાને જઈ કહો આવી અડે મને.

રેતીના ઢગલા રોજ હું થાક્યો કરી કરી,
વરસોનું ખોવાયેલ શૈશવ ના જડે મને!

મારાપણાને એમ ક્યાં ભૂલી શકાય છે?
મારી રહ્યું છે કોઈ જ્યાં મારા વડે મને!

જડમૂળથી કોઈ ઉખેડી ના શક્યું મને,
'બેદિલ' ઉખેડ્યો આખરે મારી જડે મને!

૧૬-૦૧-૧૯૯૯

## વિશ્વ અંધ છે

ઇતિહાસને ઊંચકી શકું એવાય સ્કંધ છે;
પણ શું કરું? ઇતિહાસ તો પાનાંમાં બંધ છે.

કલ્પાંત કરતી ક્યારની નિર્વસ્ત્ર દ્રૌપદી,
ધૃતરાષ્ટ્રની ક્યાં વાત આખું વિશ્વ અંધ છે.

સાથે રહ્યા છે એટલે સોબત થઈ હશે,
કે આજ તો કાંટામહીં મોહક સુગંધ છે.

તૂટી જશે ક્યારેક તો એ વાતવાતમાં,
બહુ સાચવીને શું કરો આખર સંબંધ છે.

તું મોત માંગીને હવે 'બેદિલ' કરીશ શું?
જ્યાં જિંદગીમાં રોજ મરવાનો પ્રબંધ છે.

૧૩-૦૭-૧૯૯૮

## આપી શકે તો આપ

વીતી ગયેલી એક પલ આપી શકે તો આપ;
હે જિંદગી! તાજી ગઝલ આપી શકે તો આપ.

દોરાયલી આંખોય સાચુકલી જ લાગશે,
એને ફકત અશ્રુ અસલ આપી શકે તો આપ.

શોભા વધે આ લીલ બાઝેલા તળાવની,
એકાદ ખીલેલું કમલ આપી શકે તો આપ.

વાગી રહી છે આંખમાં કોરાશ ક્યારની,
તું યાદ એકાદી સજલ આપી શકે તો આપ.

આજે દિલાસો એક પણ 'બેદિલ' ન જોઈએ,
મારી ઉદાસીનો જ હલ આપી શકે તો આપ.

૦૫-૦૭-૨૦૦૧

## તું

પૂરી શકે છે શોખથી એની તિરાડ તું;
ખોલી નહીં શકે પછીથી આ કમાડ તું.

વ્યવહાર, મજબૂરી, સમયની આંટીઘૂંટીમાં,
મારાં સ્મરણને સાચવે છે માંડ માંડ તું.

એકાદ જડ રહી જતાં ઘનઘોર થૈ જઈશ,
હું કલ્પવૃક્ષ છું મને જડથી ઉખાડ તું.

મારા બધાય દોષ હું હમણાં કબૂલી લઉં,
મારા લીધે ન આમ સંબંધો બગાડ તું.

તારો અવાજ શૂન્યમાં શામિલ થવાનો છે,
હોવા વિશે ન રોજ 'બેદિલ' સાદ પાડ તું.

૦૩-૧૧-૨૦૦૧

## અવાજમાં

જ્યાં સૂર છેડું હું જ કણસું છું અવાજમાં;
ઘૂંટી રહ્યું છે કોણ મારું દર્દ સાઝમાં?

લાંબી ઉમરની જે દુઆ કરતો હતો સદા,
એ આદમી મરી ગયો કાલે નમાજમાં.

છે ઊડતા પતંગિયા જેવો જ આ સમય,
બાંધ્યા કરો ન આમ એને કાલ-આજમાં.

છૂટી ગયો છે જ્યારથી મેંદી ભરેલ હાથ,
રંગો નથી ભરી શક્યો હું કોઈ સાંજમાં.

'બેદિલ' ડૂબી જવાનો ભય બીજો કશો નથી,
હોવાપણાનો ભાર લાગે છે જહાજમાં.

૦૩-૦૬-૨૦૦૧

## ફકીરને

વસ્ત્રોનો ભેદ હોય છે મુફલિસ-અમીરને;
બાકી તો રક્ત એક છે સૌના શરીરને.

મારી કનેય આપવા જેવું કશું ન'તું,
મેં રામનામ દઈ દીધું પાછું ફકીરને.

છે હાથમાં છતાંય મારા હાથ બ્હાર છે,
બદલી જવાનું સ્હેજ હાથોની લકીરને.

તારાં સ્મરણને એ સમય ભૂલી જવાનો હું,
ખુશબૂનો ભાર લાગશે જયારે સમીરને.

સારું થયું કે આંખ 'બેદિલ'ની મીંચાય છે,
રોકી શકત એ ક્યાં સુધી આંખોમાં નીરને?

૩૧-૧૨-૨૦૦૧

## હવા

એકે જગાએ સ્થિર થઈને ના મળી હવા;
ભટક્યા કરે છે ચોતરફ બેબાકળી હવા.

કારણ વગર કાળાશ કૈં એને નથી મળી,
તણખા સુધી પ્હોંચી જતાં થોડી બળી હવા.

પાણીમહીં પાણી થઈને એ રહી શકે,
સાચે જ છે આ પાણી કરતાં પાતળી હવા!

ભૂલો પડું છું હું પછી ખુશબૂના દેશમાં,
છોડી અગર જો જાય મારી આંગળી હવા.

કોઈ અગોચર દેશમાં 'બેદિલ' મૂકી જઈ,
મારા સુધી ના આજ પણ પાછી વળી હવા.

૩૧-૦૮-૨૦૦૧

## આશરે ગયા

ભૂલી જવાઈ રાહ સઘળી આશરે ગયા;
વરસો પછી ઘર યાદ આવ્યું ને ઘરે ગયા.

પથ્થર હતા ને તોય દર્પણથી ડરે ગયા;
હોવા વિશેની કેટલી ચિંતા કરે ગયા!

એકેક રજકણ હેતથી ચોંટી પડી મને,
જ્યાંથી પડ્યા છૂટા અમે, એ પાદરે ગયા.

ઈતિહાસ આખો કાંકરીઓમાં ખર્યા કર્યો,
વીત્યો સમય લઈ ઐતિહાસિક કાંગરે ગયા.

રોકી શક્યું છે કોણ ‘બેદિલ’ શ્વાસને કદી,
આ શ્વાસ છોડી જાય, છોડી આખરે ગયા.

૦૧-૦૬-૨૦૦૧

## શ્રીફળ વધેરું છું

ચારે દિશાઓ ઝળહળો શ્રીફળ વધેરું છું;
શ્રદ્ધાથી થઈને ગળગળો શ્રીફળ વધેરું છું.

હે આહ્‌લાદક સૌ પળો શ્રીફળ વધેરું છું,
અંધાર ચીરી નીકળો શ્રીફળ વધેરું છું.

શબરીની માફક રાહ જોવાતી નથી હે રામ!
વનવાસથી પાછા વળો શ્રીફળ વધેરું છું.

દૃષ્ટિ નથી તો શું થયું મનથી નિહાળશું,
એકાદ આકારે મળો શ્રીફળ વધેરું છું.

દેવી ગઝલના શબ્દનું મંદિર બનાવશું,
'બેદિલ'માં થોડું ઓગળો શ્રીફળ વધેરું છું.

૦૯-૧૧-૨૦૦૦

## લોહી જ લોહી છે

પ્રતિબિંબ તૂટ્યાની ક્ષણે લોહી જ લોહી છે;
હોવા વિશેના દર્પણે લોહી જ લોહી છે.

પથ્થરથી ઈશ્વર એમ ક્યાં સ્હેલાઈથી બને?
જા, દેખ પેલા ટાંકણે લોહી જ લોહી છે.

સંબંધ લોહીનો હવે ભૂલી ગયા છે સૌ,
ચારેતરફ એ કારણે લોહી જ લોહી છે.

તારા જવાથી ઠેસ ઉંબરનેય વાગી છે,
પાછું વળી જો આંગણે લોહી જ લોહી છે.

'બેદિલ' હવે તું આંખ મીંચે એ જ સારું છે,
અશ્રુ નથી આ પાંપણે લોહી જ લોહી છે.

૨૪-૦૭-૨૦૦૧

## નીકળી ગયો

મરજી મુજબ રસ્તામહીં એમ જ વળી ગયો;
પર્વત ઉપરથી ઊતર્યો ને ખળભળી ગયો.

વરસો સુધી દર્પણ મને ના ઓળખી શક્યું,
હું જાતને મારી સતત એવું છળી ગયો.

સૂરજ થવાનો ગર્વ સાંજે ના ટકી શક્યો,
આવ્યું તિમિર ને એ પછી પળમાં ઢળી ગયો.

હું જિંદગીથી આમ તો નારાજ ક્યાં હતો?
હાથે હતું વિષ એમનાં માટે ગળી ગયો.

ત્યારે બધાં 'બેદિલ' મને આવ્યાં વળાવવાં,
જ્યારે સફરમાં એકલો હું નીકળી ગયો.

૦૧-૦૨-૧૯૯૯

## શું સબબ હશે

કોઈ સ્મરણ મારું કરે છે શું સબબ હશે?
ભૂતકાળ પાછો સાંભરે છે શું સબબ હશે?

અંધારપટમાં જિંદગી આખી વીતી ગઈ,
એ કબ્ર પર દીવો ધરે છે શું સબબ હશે?

કાંટા જ જેણે પાથર્યા મુજ રાહમાં સદા,
ફૂલો હવે એ પાથરે છે શું સબબ હશે?

કાંઠા ઉપર ઊભાં રહ્યાં છે એ સજલ નયન,
મુજ લાશ પાણીમાં તરે છે શું સબબ હશે?

'બેદિલ' મને ભૂલી જનારા આજકાલથી,
પાછા મને રોજે સ્મરે છે શું સબબ હશે?

૧૩-૦૬-૧૯૯૮

## સુધી

રસ્તો લઈ જાશે પ્રથમ પથ્થર સુધી;
ક્રમશઃ પછી ઝરણાં, નદી, સાગર સુધી.

ક્યારેક મારી આંખ સૂકી થઈ જશે,
લીલાં રહે છે તોરણો અવસર સુધી.

સારા પ્રસંગોની શરૂઆતો હતી,
જે ખંજરીથી લઈ ગઈ ખંજર સુધી.

શ્રદ્ધા અને ધીરજ જરૂરી હોય છે,
ઈચ્છા જવાની હોય જો ઈશ્વર સુધી.

'બેદિલ' ફરી જીવી જશે એ આશથી,
સૌ લોક લાવ્યા લાશ તારાં ઘર સુધી.

૧૮-૧૦-૧૯૯૮

## દંગાફસાદમાં

ચારેતરફ છે ધ્રાસકા દંગાફસાદમાં;
પ્રતિબિંબ લાગે પારકા દંગાફસાદમાં.

અલ્લાહ કે શિવ શિવ હજી જે જાણતાં ન'તાં,
સળગી ગયાં એ ભૂલકાં દંગાફસાદમાં.

માણસ હશે કે જાનવર એ ના ખબર પડે,
છૂટાં મળે છે હાડકાં દંગાફસાદમાં.

જેને મુલાયમ હાથ હંમેશાં સજાવતાં,
એ ઘર તૂટે લઈ આંચકા દંગાફસાદમાં.

ઉચ્ચાર 'બેદિલ' ઓમ કે આમીન ક્યાં બચ્યો?
પડઘાય 'તેરી જાતકા' દંગાફસાદમાં.

૦૨-૧૦-૨૦૦૦

## હશે

કૂંપળ બનીને યાદ કોઈની ફૂટી હશે;
દીવાલ મારા ઘરની ક્યાં એમ જ તૂટી હશે.

એ કારણે તો હાથ મારા લોહીલોહી છે,
મેં કાલ સપનામાં છબી તારી ઘૂંટી હશે.

પૂછ્યાં કરે છે ફૂલની ડાળો લચીલચી :
કોણે ઉદાસી બાગમાં આવી ચૂંટી હશે?

બાકી હશે તારું સ્મરણ વિશ્વાસ છે મને,
છો તસ્કરોએ ઘરની સૌ મિલકત લૂંટી હશે.

તું શોખથી ભેટી શકત તારા મરણને પણ,
માનું છું તારી જિંદગી 'બેદિલ' ખૂટી હશે.

૦૧-૦૬-૨૦૦૧

# હું

કારણ વગર થતો નથી કૈં આમ ક્ષીણ હું;
તું આગ થૈ મળ્યા કરે ને હોઉં મીણ હું.

પડઘા સિવાય બીજું કૈં આપી નહીં શકું,
તું સાદ પાડ, સાવ ઊંડી એક ખીણ હું.

જો હું-પણું તૂટી રહ્યું છે કાચમાં સતત,
વીણી શકે તો કાચના ટુકડામાં વીણ 'હું'.

લાંબા સમય સુધી કહેને સાથ ક્યાં રહે?
દરિયાની મોજ તું, કિનારા પરનું ફીણ હું.

ક્યારેય ના બન્યો પ્રથમ અક્ષર હું નામનો,
બારાખડીમાં હોઉં છું 'બેદિલ' બની 'ણ' હું.

૩૦-૦૬-૨૦૦૧

## શકે

હસતા રહે આ હોઠ ને આંખો રડી શકે;
તારા જવાથી ફેર આવોયે પડી શકે.

સંબંધની દીવાલને તોડ્યા પછીય પણ,
ઘર છોડવાની બાબતે ઉંબર નડી શકે.

પાણી સરીખી જાત છે સંભાળજે જરા,
હું આગ છું ને આગને તું નહિ અડી શકે.

આખર થવાની હાર હું પરિણામ જાણું છું,
ખુદથી ભલા કોઈ કહો ક્યાં લગ લડી શકે?

'બેદિલ' દુઆઓ કાલથી તારી કબૂલ જા,
પણ માંગ એવું જે ખુદાને પરવડી શકે.

૩૦-૧૨-૨૦૦૦

## સમજ વગર

એમ જ કર્યું છે જાતથી મેં છળ સમજ વગર;
થાતો રહ્યો છું ઉમ્રભર નિષ્ફળ સમજ વગર.

આરામથી સમજી શકું તારી બધીય વાત,
મારી શરત છે આ, મને તું મળ સમજ વગર.

મારા જીવનમાં સ્થિરતાનો પણ મુકામ છે,
ચાલ્યા કર્યું છે કિસ્મતે આગળ સમજ વગર.

છે જર્જરિત દીવાલ ને છત જેવું કૈં નથી,
શું કામ ગોરંભાય છે વાદળ સમજ વગર?

'બેદિલ' ખુલાસો આજ એનો એય ચાહતા,
ઝંખ્યા કરું હું જેમને કેવળ સમજ વગર.

૨૭-૧૦-૨૦૦૧

## હવે સળગાવ

હોય બાકી શક્યતા લગભગ હવે સળગાવ;
સંસ્મરણની ઓલવાતી શગ હવે સળગાવ.

સાવ સુકાયેલ ઝાડી-ઝાંખરાંઓ છે,
ઘર સુધી પ્હોંચી જવા મારગ હવે સળવાગ.

ચાલ સંકેલી લઉં ભીનાશનાં દશ્યો,
આંખ કોરી થાય છે રગ રગ હવે સળગાવ.

બાતમી સૂરજની લઈને આવવામાં જો,
હાથ તો સળગી રહ્યા છે પગ હવે સળગાવ.

સાચવીને રાખવી જો હોય 'બેદિલ' આગ,
રોજ થોડું થોડું તારું જગ હવે સળગાવ.

૧૦-૦૫-૨૦૦૧

## જોવા દે

આજ ખંખેરી હૃદયથી ધૂળ જોવા દે;
ક્યાં સુધી તારાં સ્મરણનું મૂળ જોવા દે?

છેક દરિયા લગ પગેરું પ્હોંચશે એનું,
આંખમાંનાં આંસુઓનું કૂળ જોવા દે.

સ્હેજ ઝૂકી જાત સામે જાતને રાખી,
કોણ અંદરથી થયું નિર્મૂળ જોવા દે!

આ વખતના દર્દની પણ જીદ કેવી છે!
લાગણીઓ કેટલી છે સ્થૂળ જોવા દે!

કોઈ અડવાણા ચરણની છાપ છે 'બેદિલ',
ખૂબ તંતોતંત રાખી શૂળ જોવા દે.

૧૨-૦૭-૨૦૦૦

## આગ મૂકી છે

ગાઢ અંધારાંમહીં એ રાહ ચૂકી છે;
છત નથી ઘર પર અને વીજળી ઝબૂકી છે.

કોઈને ના દોષ દો મારા સળગવાનો,
મેં જ મારામાં સળગતી આગ મૂકી છે.

ક્યાં સુધી હું સાચવું નિષ્ફળ પ્રણયનું શબ?
આજ બાળી દઈ ચિતામાં રાખ ફૂંકી છે.

આપણે હીંચ્યાં હતાં જે ડાળ પર સાથે,
આવ જોવા તું હવે એ ડાળ સૂકી છે.

શ્વાસ હાંફ્યા છે હવે થોભો જરા 'બેદિલ',
જિંદગી લઈ ક્યાં જવાના? રાહ ટૂંકી છે.

૨૪-૦૭-૧૯૯૯

## લખી મોકલ

એકવેળા તું મને કાગળ લખી મોકલ;
સાવ કોરી આંખ છે વાદળ લખી મોકલ.

આંસુઓના નામ પર અટકળ લખી મોકલ;
ફૂલ જેવો પત્ર લે, ઝાકળ લખી મોકલ.

હું વિરહના અંધકારોમાં જ ભટકું છું,
રોશની જેવું કશું ઝળહળ લખી મોકલ.

ક્યાં સુધી વાંચ્યા કરું કાગળ અધૂરો હું?
જો સમય થોડો મળે આગળ લખી મોકલ.

રૂબરૂ આવી મળે 'બેદિલ' ઘરે તારા,
તું રહે છે જ્યાં મને એ સ્થળ લખી મોકલ.

૨૫-૦૭-૧૯૯૯

## કરવાનો

થૈ શકે તો દર્દનો અનુવાદ કરવાનો;
એક રૂઝેલા જખમને યાદ કરવાનો.

તું જ મળવા આવવાની મેહુલારૂપે,
મોરના ટહુકા સમો હું સાદ કરવાનો.

એક મૂંગા પાત્રનો અભિનય કરું છું હું,
શબ્દ નહિ તો અર્થથી સંવાદ કરવાનો.

હોઠ અધખુલ્લા રહ્યા ને આંખ મીંચાઈ,
ના મળ્યો મોકો મને ફરિયાદ કરવાનો.

આજ ખુદના હાથથી ઓઢો કફન ‘બેદિલ’,
છે સમય આ શ્વાસને આઝાદ કરવાનો.

૨૦-૦૩-૨૦૦૦

## સાચવું

આ હૃદયમંજૂષમાં વીતેલ હરક્ષણ સાચવું;
જખ્મ કોઈની નિશાની એ જ કારણ સાચવું.

એક બાજુ દર્દની કોઈ દવા ના, એમ છે,
હું વળી બીજી તરફ એનું નિવારણ સાચવું.

નાવ કાગળની વહાવી જે નદીમાં આપણે,
એ નદીને આંખમાં રાખીને બચપણ સાચવું.

સાચવું છું ક્યાં અમસ્તો હું તમારી ચૂંદડી?
ચૂંદડીની આડમાં હું એક ખાંપણ સાચવું.

આમ તો 'બેદિલ' ચહેરો આજ પણ અકબંધ છે,
કોણ જાણે તોય હું તૂટેલ દર્પણ સાચવું?

૦૨-૦૧-૧૯૯૯

## છે આ તરફ

છાપ પગલાંની હજી રસ્તા ઉપર છે આ તરફ;
એક મારું ઘર નથી તારુંય ઘર છે આ તરફ.

આ તરફ ઘોંઘાટ કરવાની મનાઈ છે હવા,
મૌન થઈ જા એક બાળકની કબર છે આ તરફ.

રોજ મારા નામની તખતી મૂકીને જાય છે,
કોણ આવે છે? ઉદાસીની અસર છે આ તરફ.

આજ સંબંધો પહેરી નીકળ્યો છું હું છતાં,
કોઈ ના મળતું મને? કેવું નગર છે આ તરફ.

ડૂસકાં હળવેકથી વધતાં રહ્યાં છે કોઈનાં,
કોઈ 'બેદિલ' આજ પણ મારા વગર છે આ તરફ.

૨૬-૦૯-૨૦૦૧

# પ્રિયે

હૂંફ તારી યાદની થોડીક જો મળશે પ્રિયે;
આંખમાં થીજી ગયેલો બર્ફ ઓગળશે પ્રિયે.

કોણ મારી જેમ તારામાં હવે ભળશે પ્રિયે?
જે ભળે એ સ્હેજ મારાથી જુદો પડશે પ્રિયે.

શ્વાસમાં છું, રક્તમાં છું, હું જ નખશિખ છું ત્વચા,
તું મને શી રીત તારાથી અલગ કરશે પ્રિયે.

જડ થયો છું હું અને ઉજ્જડ થયું છે આંગણું,
સ્પર્શભીના હાથ લઈ તું ઘર તરફ વળશે પ્રિયે!

તું ગઝલરૂપે ફળે છે એય કૈં ઓછું નથી,
કાલ 'બેદિલ'ને નગરમાં તુંય ઓળખશે પ્રિયે.

૨૩-૦૮-૧૯૯૯

## ચર્ચાય છે

તું હવે એ રીતથી હમણાં બધે ચર્ચાય છે;
યાદ નામે સાવ સૂકી ડાળખી વ્હેરાય છે.

એક રેખા જે હતી તારી હવે એમાં નથી,
એ જ કારણસર હથેળી રોજ સળગાવાય છે.

તું મને ભૂલે નહીં તો શું કરે પણ આખરે,
આંખમાં ક્યાં રેતના કણ કોઈથી સચવાય છે?

ચાલ છૂટા થૈ જઈએ આટલેથી આપણે,
આ તરફ તારું નગર મારું નગર વંચાય છે.

જિંદગીની આદતો 'બેદિલ' હજી છૂટી નથી,
કોણ જાણે છું ચિતામાં તોય ચિંતા થાય છે.

૧૫-૧૨-૨૦૦૦

## મારા શ્હેરમાં

માણસોને માણસોથી વેર મારા શ્હેરમાં;
એટલે વર્તાય છે ખંડેર મારા શ્હેરમાં.

એ જ રસ્તા, એ જ શેરી, ભોમિયા પણ એ જ છે,
તોય લાગે કેમ રોજે ફેર મારા શ્હેરમાં.

હું બની પ્રતિબિંબ કોની આંખમાં જઈને રહું?
સૌની આંખોમાં વસે છે ઝેર મારા શ્હેરમાં.

કોઈ કોઈને કહે શું ખુદમહીં સૌ આજ ગુમ,
હું-પણાનો રોગ છે ચોમેર મારા શ્હેરમાં.

કોઈને ફુરસદ નથી કે સાંભળે 'બેદિલ' ગઝલ,
મોં છુપાવી દેખ રોવે શે'ર મારા શ્હેરમાં.

૦૫-૧૨-૧૯૯૭

## થાક લાગે છે

ઘટે છે જો હ્દય વચ્ચેનું અંતર થાક લાગે છે;
નદીને એમ જોઈને સમંદર થાક લાગે છે.

તમારું રાહમાં મળવું અને થંભી જવું મારું,
ચરણને પણ જુઓ કેવો સમયસર થાક લાગે છે!

હવે તું આવ, આવીને રહે ઘરની દીવાલોમાં,
હું આવું કેમ મસ્જિદે પયંબર થાક લાગે છે.

ન જાણે રાહ કોની મૌન થઈને એ જુએ છે આમ,
હજી કે'તા નથી કોઈને પથ્થર થાક લાગે છે.

અકારણ આંખ મીંચીને નથી આડો પડ્યો 'બેદિલ',
હયાતીનેય અંતે તો ખરેખર થાક લાગે છે.

૦૩-૦૮-૨૦૦૦

## હાથે

અમસ્તી ફૂટતી હોતી ન લોહીની ટશર હાથે;
બનાવું છું નદીની રેતમાં ભીનું નગર હાથે.

રડાવીને જુઓ સાથે જ રડશે બેઉ આંખો આ,
કરી છે આંસુઓની વ્હેંચણી મેં માપસર હાથે.

સતત હું સાચવું છું રાખ મારી બંધ મુઠ્ઠીમાં,
હજી હમણાં જ સળગાવ્યું છે મેં મારું જ ઘર હાથે.

ઘણીયે કોશિશો કરવા છતાં ખાલી થયો છે ક્યાં?
ભરાઈ જાય છે જે ખાલીપો તારા વગર હાથે.

મિલાવે હાથ જો તું હાથ તારા મ્હેકશે 'બેદિલ',
લખેલું નામ ભૂંસાતા થયું છે તરબતર હાથે.

૧૪-૦૫-૨૦૦૧

## મને આપો

હું ઇચ્છું કે લઈ મારી બધી સમજણ, મને આપો;
તમારે આપવું હો જો ખુદા બચપણ મને આપો.

મને મારા જ ચ્હેરાથી ઘણી નફરત થઈ ગૈ છે,
તમે ના હરપળે આ રીતથી દર્પણ મને આપો.

જરાયે કામ ના આવી આ જીવનમાં સમજદારી,
સમજદારીથી પર થઈ જાઉં એવી ક્ષણ મને આપો.

કદી ત્યાં જઈ શકું એવી પરિસ્થિતિ નથી મારી,
જઈને કોઈ મારા ગામની રજકણ મને આપો.

મેં જોઈ એક ઉજ્જડ માંગમાં ‘બેદિલ’ અરજ આવી,
લઈ સુખ-સાહ્યબી સઘળી ફકત કંકણ મને આપો.

૨૬-૦૩-૨૦૦૧

# મારું

જરાયે કામમાં આવે નહીં અશ્રુવહન મારું;
નજર સામે જ બળતું જોઉં છું કાયમ સદન મારું.

જુઓ એકીટશે જોઈ રહ્યાં છે સૌ વદન મારું;
નથી રે'વા દીધું ચ્હેરા ઉપર અંતે કફન મારું.

હવે ત્યાં કોઈ વસતું હોય એવી શક્યતા નહિવત્,
છતાં પણ એ ગલીમાં હોય છે આવાગમન મારું.

તમારે લૂંટવો હો જો મને લૂંટ્યા કરો કાયમ,
હું શાયર છું અને મારી ગઝલના શે'ર ધન મારું.

હું એનાં હાથમાં મેંદી લગાવી ના શકું 'બેદિલ'
ખબર એનેય છે તોયે કરે છે એ મનન મારું.

૨૫-૦૬-૨૦૦૧

# શાને

મને હજીય ન એ વાતની ખબર શાને?
ઉદાસ હોઉં છું હું કારણો વગર શાને!

ઊડી ગયાં જ હશે પાંચ-સાત નળિયાંઓ,
મેં એકલું જ મૂક્યું ગામડામાં ઘર શાને?

બહુ જ ક્રૂર થઈ ફૂલને મેં મસળ્યાં'તાં,
છતાંય હાથ આ ખુશબૂથી તરબતર શાને?

વીતી ગયાં છે વરસ કૈં મને થયે પથ્થર,
જરૂર આજ પડી સ્પર્શની અસર શાને!

તને મળું ન કદી એ જ તારી ઇચ્છા છે,
પછી વિદાયમાં 'બેદિલ' ભીની નજર શાને!

૦૩-૧૧-૨૦૦૦

## નથી

રઝળતી લાગણીઓ ઘર સુધી લવાઈ નથી;
ઘણા સમયથી ગઝલ એક પણ લખાઈ નથી.

જઈ રહી છે નદીઓ બધી હજી પણ ત્યાં,
હજીય આગ સમંદરની શું બુઝાઈ નથી?

કરી શક્યો ન સજીવન તને હું એ જ સબબ,
નગરમાં કોઈ ઘરે એક મુઠ્ઠી રાઈ નથી.

ચહું છું જ્યારે મને એ મળી જતી ઘરમાં,
તમારી યાદ ગમે ત્યાં હજી મુકાઈ નથી.

વગર પૂછે જ સદા આંખમાં ભરાઈ જતાં,
ભલેને આંસુની ‘બેદિલ’ જગા રખાઈ નથી.

૨૩-૦૮-૨૦૦૧

## હાથતાળી લે

ખુશી ખુશીથી દરદ ચાલ હાથતાળી લે;
ઝૂમી જવું છે હજી મન જરા સંભાળી લે.

જીવન દેનારને છે હક એ પાછું લેવાનો,
કશું જ ખોટું ન એમાં જો ફૂલ માળી લે.

જતો રહીશ અગર હું નહીં ફરું પાછો,
હજીય વાતમાં છું વાત સ્હેજ વાળી લે.

ઢળી રહ્યો છું બધી બાજુ એક આશયથી,
મને નવાં જ રૂપે આજ કોઈ ઢાળી લે.

હું જિંદગીને સજાવી લઉં ફરી 'બેદિલ',
જરાક વાર અગર કોઈ રાત કાળી લે.

૨૭-૧૨-૨૦૦૧

## જવાબદારી લઈ

જવું તો ક્યાં જવું એવું જરા વિચારી લઈ;
થઉં છું દૂર તારાથી ગુનેહગારી લઈ.

બધાંય દુઃખ દરદ રોજ આવકારી લઈ,
મને જીવે છે હજી કોઈ આંખ ખારી લઈ.

ઘણા સમયની મુલાકાતનો તફાવત આ,
મને મળે છે હવે તું જવાબદારી લઈ.

લઈ જવાય ભલેને તમામ ઘરવખરી,
નીકળવું કેમ ઘરની બ્હાર યાદ તારી લઈ?

મર્યા પછીય રહ્યો એક વસવસો 'બેદિલ',
દટાયો માંડવે હું વેદના કુંવારી લઈ.

૧૦-૧૧-૨૦૦૧

## રાખું છું

મરણ જતું ન રહે એનું ધ્યાન રાખું છું;
દરેક શ્વાસને હું સાવધાન રાખું છું.

દહન કર્યા જ કરું રોજ લાગણીઓને,
હું મારી ભીતરે આખું સ્મશાન રાખું છું.

ભલે છું કોડિયું નાનું, છતાં સમય આવ્યે,
સૂરજની સાથ બરાબરનું સ્થાન રાખું છું.

મને ખબર છે મને તું કશું ન દેવાનો,
કશું ન માંગીને હું તારી શાન રાખું છું.

કોઈની આબરૂ ખાતર હું મૌન છું 'બેદિલ'
નહીં તો હુંય તેજાબી જબાન રાખું છું.

૨૮-૧૨-૨૦૦૧

# થોડી

તૃષા છિપાઈ નથી, છે હજી તરસ થોડી;
કદાચ આજ પ્રણયમાં ભળી હવસ થોડી.

કરી શકાય એ રીતે જરાક હળવું મન,
દરદની આપ-લે તું કર અરસપરસ થોડી.

જનમજનમથી સમયસર મેં રાહ જોઈ છે,
જનમજનમથી તું મોડી પડી છે બસ થોડી.

હવે ન હાથમાં મારા કે આંસુઓ રોકું,
થઈ રહી છે હવે લાગણી અવશ થોડી.

કરું તો યાદ કરું કોને કોને હું 'બેદિલ',
સમયની સાથ ઘટી યાદની જણસ થોડી.

૩૧-૧૨-૨૦૦૧

## આવે છે

ખંડિયેરી ભવનમાં આવે છે;
દર્દ સારાં શુકનમાં આવે છે.

ઘર લૂંટાશે કરોળિયાઓનું,
કોઈ રે'વા સદનમાં આવે છે.

ઋણ એનું શી રીત ચૂકવશું?
સ્પર્શ જેનો કફનમાં આવે છે.

ફૂલ માફક ખીલી ગયા અક્ષર,
તું જ મારા કવનમાં આવે છે.

તોય 'બેદિલ' લઈ ફરે તણખો,
રોજ જાસો પવનમાં આવે છે.

૨૩-૧૦-૨૦૦૦

# વિવેચનાત્મક લેખ

## આદિલથી બેદિલ સુધી

•

ડૉ. ચિનુ મોદી 'ઈર્શાદ'

છેલ્લાં પાંચસાત વર્ષ દરમિયાન અમદાવાદમાં ત્રણેક નવી કલમો ગજું કાઢી રહી છે, એમાં એક તે અશોક ચાવડા છે. અંકિત ત્રિવેદી અને હરદ્વાર ગોસ્વામી સાથે અશોક ચાવડાની નવી નવી રચનાઓમાંથી ઘણા શનિવારે પસાર થવાનું આવ્યું છે. હઠીસિંગ વિઝ્યુઅલ આર્ટ સેન્ટરની પ્રતિ શનિવાર મળતી આ કવિતાસભામાં અશોક ઘણુંખરું હોય અને પોતાની નવી રચનાઓ વાંચે.

મને 'બેદિલ'ના તખલ્લુસથી લખતા અશોકની કવિતાશક્તિ સતત આકર્ષતી રહી છે. ગઝલ એનું સબળ બનતું જતું માધ્યમ છે. એની ગઝલો પુરાકલ્પનથી શરૂ કરી તળપદાં કલ્પનો સુધી વિસ્તરે છે અને નવી ગુજરાતી કવિતા સાથે, પોતાની ગઝલને એ જોડેલી રાખે છે.

શ્રી ધીરેન્દ્ર મહેતાએ ૨૦૦૦ની સાલના કવિતાચયનમાં એક વાત અશોક અંગે નોંધી છે. એ કહે છે : 'અછાંદસના પ્રભાવ હેઠળ ગઝલમાં પુરાકલ્પનનો પ્રયોગ થવા લાગ્યો છે' અને આમ કહીને એ અશોકનો શે'ર ટાંકે છે. જોકે ધીરેન્દ્રને અહીં પુરાકલ્પનના નિર્વાહ્યપણા વિશે પ્રશ્ન જરૂર થયો છે. આ ચયનમાં મને પસંદ પડેલ શે'ર છે.

**તૂટી જશે ક્યારેક તો એ વાત વાતમાં,**
**બહુ સાચવીને શું કરો, આખર સંબંધ છે.**

તળાવમાં પગલાં પાડવા અને એનાં પગેરું શોધી શકાય એવાં પગલાં પડે એ અપેક્ષા.

**૧૫, ઑગસ્ટ ૨૦૦૩** **(પ્રથમ આવૃત્તિનો આવકાર)**

## પગલાં તળાવમાં : મજબૂત કૂંપળની મથામણ

●

### ડૉ. રાજેશ વ્યાસ 'મિસ્કીન'

કવિ અશોક ચાવડા 'બેદિલ'નો પ્રથમ ગઝલસંગ્રહ 'પગલાં તળાવમાં' વાંચતા ગઝલના ચાહકોને એક નવી સશક્ત કલમનો પરિચય થાય છે. ૧૯૯૭થી ૨૦૦૨ સુધી ૬ વર્ષમાં લખાયેલી ગઝલોના આ સંગ્રહમાં કુલ ૫૧ ગઝલો છે. ૬ વર્ષની ગઝલયાત્રા તેમના જ શબ્દોમાં કહીએ તો પા... પા... પગલી... ભરતાં ભરતાં પગલાં સુધી વિસ્તરવાની મથામણ કરતી દેખાય છે. 'મારી અંદર રહેલી એકલતાએ મને કોર્યો છે અને પરિણામસ્વરૂપ જડી છે કવિતા' - આમ તેઓ સંગ્રહના પ્રારંભમાં 'મારી વાત'માં જણાવે છે. ખરેખર અંદરની એકલતા કોરે અને કવિતા તરફ પ્રવાસ શરૂ થાય એ શુભ શુકન છે.

'મારી વાત'માં કવિ અશોક ચાવડા જણાવે છે તેમ 'વર્તમાન ગઝલની પાટી એ હદે ભરાયેલી છે કે નવા ગઝલકારે નવો એકડો ઘૂંટવા મથામણ કરવી જ પડે.' સંગ્રહની ગઝલો જોતાં તેમની મથામણ સ્પષ્ટ જણાય છે કે આ કૂંપળ મજબૂત છે, એ ગમે તેવા ટાઢ, તડકા અને વાવાઝોડાને ખમી ખાય તેવી છે.

છેલ્લાં છ-સાત વર્ષથી ગુજરાતી ગઝલ ક્ષેત્રે જે થોડીક કલમો કાર્યરત છે તેમાં અશોક ચાવડા નામ અવશ્ય મૂકી શકાય. ગઝલસંગ્રહમાં ગ્રંથસ્થ થયેલી ગઝલોમાંથી ગમતા શે'ર પાસે અટકવાનું મન થાય છે :

**કૂંપળ બનીને યાદ કોઈની ફૂટી હશે;**
**દીવાલ મારા ઘરની ક્યાં એમ જ તૂટી હશે.**

*

**સાવ ખંડેર સમ બધું લાગ્યું,**
**મેં કરી જ્યાં તપાસ મારામાં.**

આ અરીસોય રોજ પૂછે છે,
કોણ બેઠું ઉદાસ મારામાં?

*

મારા ઘરનાં શુભ ચોઘડિયાં લઈને ચાલ્યાં;
એ ચાલ્યાં તો સાથે ફળિયાં લઈને ચાલ્યાં.

*

જનારા એ રીતે ચાલ્યાં ગયાં છે સૂની મેલીને;
હજારો કોશિશોથી ના સજાવાઈ હવેલીને.

*

કાંઠાઓ રોઈ રોઈને જળને પૂછી રહ્યા :
ભૂલી ગયું છે કોણ આ પગલાં તળાવમાં.

*

મારી કનેય આપવા જેવું કશું ન'તું,
મેં રામનામ દઈ દીધું પાછું ફકીરને.

*

કારણ વગર કાળાશ કૈં એને નથી મળી,
તણખા સુધી પહોંચી જતાં થોડી બળી હવા.

બારાખડીનો એક અક્ષર એવો છે જેનાથી કોઈ શબ્દ શરૂ થતો નથી. કોઈ નામનો એ પ્રથમ અક્ષર બની શકતો નથી. કવિ જ્યારે પોતાને બારાખડીના એ 'ણ' અક્ષર સાથે સરખાવે છે ત્યારે શે'ર બધી રીતે વાંચવો અને માણવો ગમે છે :

ક્યારેય ના બન્યો પ્રથમ અક્ષર હું નામનો,
બારાખડીમાં હોઉં છું 'બેદિલ' બની 'ણ' હું.

સંગ્રહના મક્તાના શેર મોટા ભાગે મૃત્યુ કે એવા જ ભાવની આસપાસ રચાયેલા જોવા મળે છે. ત્યારે ઉપરનો શે'ર અને બીજા આવા બે-ત્રણ શે'ર અપવાદરૂપ સુંદર બન્યા છે.

મક્તાના શે'રમાં મૃત્યુની વાત આવે અને તરત બરકત વિરાણી 'બેફામ' યાદ આવે. આમ જોવા જઈએ તો 'બેદિલે' ઘણી અસરોમાંથી બેદિલીપૂર્વક મુક્ત થવું પડશે, જેથી એમને એમનો ગઝલમાર્ગ મળે. આમ છતાં આ જ ભાવને ઘૂંટતો એક મક્તા માણવા જેવો છે :

**એણે હાથેથી ગંગાજળ મોંમાં મૂક્યું,**
**‘બેદિલ’ આંખોમાં ઝળઝળિયાં લઈને ચાલ્યા.**

ગઝલસંગ્રહમાં ‘ફક્ત પથ્થર હોય છે’, ‘મા’ અને ‘પ્રિયે’ — આ ત્રણ ગઝલો વાંચતા તેમનામાં રહેલા ગઝલકારના અસલી મિજાજનો પરિચય થાય છે.

**હા, કમાણી ઉમ્રભરની ફક્ત પથ્થર હોય છે;**
**બાંધણી સૌની કબરની ફક્ત પથ્થર હોય છે.**

*

**થૈ અજાણી શહેરમાં આવ્યા પછીથી મા;**
**આઠ આનાની ચબરખીમાં જ મળતી મા.**

*

**હૂંફ તારી યાદની થોડીક જો મળશે પ્રિયે;**
**આંખમાં થીજી ગયેલો બર્ફ ઓગળશે પ્રિયે.**

કવિને ૨૦૦૦ અને ૨૦૦૧ની સાલ જાણે ફળેલી છે. સંખ્યા અને સત્ત્વ બંનેની દૃષ્ટિએ આ બંને સાલમાં તેમણે વધારે ગઝલ રચેલી જોવા મળે છે.

ગુજરાતી ગઝલ આજે એટલા બધા હાથે અને એટલી બધી રીતે ખેડાઈ રહી છે કે કશી જ નવીનતા વગરની આદતવશ નીપજી આવેલી ગઝલો વધુ સંખ્યામાં જોવા મળે છે અને ત્યારે ‘પગલાં તળાવમાં’ એ ગઝલસંગ્રહની તાજગીભરી મથામણને ઉમળકાથી આવકારવાનું મન થઈ આવે છે. ગઝલચાહકોએ આ સંગ્રહ એક વાર વાંચવા જેવો છે. કવિનાં પગલાં વિસ્તરીને એમનો રાજમાર્ગ કંડારી લે તેવી શુભેચ્છાઓ.

**(‘કુમાર’ : જૂન ૨૦૦૪)**

## મને ખબર છે મને તું કશું ન દેવાનો!

●

### રમેશ પારેખ

"છેલ્લાં પાંચ સાત વર્ષ દરમિયાન અમદાવાદમાં ત્રણેક નવી કલમો ગજું કાઢી રહી છે. એમાં એક તે અશોક ચાવડા છે. તેની નવી નવી રચનાઓમાંથી ઘણા શનિવારે પસાર થવાનું આવ્યું છે. હઠીસિંગ વિઝ્યુઅલ આર્ટ સેન્ટરની પ્રતિ શનિવાર મળતી આ કવિતાસભામાં અશોક ઘણુંખરું હોય અને પોતાની નવી રચનાઓ વાંચે. મને 'બેદિલ'ના તખલ્લુસથી લખતા અશોકની કવિતાશક્તિ સતત આકર્ષતી રહી છે. ગઝલ એનું સબળ બનતું જતું માધ્યમ છે. એની ગઝલો પુરાકલ્પનથી શરૂ કરી તળપદાં કલ્પનો સુધી વિસ્તરે છે અને નવી ગુજરાતી કવિતા સાથે, પોતાની ગઝલને એ જોડેલી રાખે છે." આવું કવિશ્રી ચિનુ મોદીએ જેના માટે જણાવ્યું છે તે શ્રી અશોક ચાવડા 'બેદિલ'નો ગઝલસંગ્રહ 'પગલાં તળાવમાં' નામે હમણાં પ્રકટ થયો છે.

૨૩, ઑગસ્ટ ૧૯૭૮માં ભાવનગરમાં જન્મેલા આ કવિ બી.કૉમ. (ઍકાઉન્ટન્સી) તથા બી.એ. (અંગ્રેજી સાહિત્ય) તેમ જ માસ્ટર ઇન ડેવલપમેન્ટ કૉમ્યુનિકેશનની ડિગ્રી ધરાવે છે. તેમણે 'ગુજરાતી દલિત કવિતાનો ઉદ્‌ભવ અને વિકાસ' આ વિષય પર સંશોધન કાર્ય કરેલું છે. હાલ તેઓ અમદાવાદમાં પત્રકારત્વ અને ફ્રિલાન્સ લેખનકાર્ય કરે છે.

શ્રી અશોક ચાવડા 'બેદિલ'નો ગઝલસંગ્રહ 'પગલાં તળાવમાં' વાંચતાં એવી છાપ પડે કે આ ગઝલકારની કલમ પર પરંપરિત અને અદ્યતન એમ બેઉ પ્રકારની ગઝલના સંસ્કાર ઝિલાયા છે.

પરંપરાના ગઝલકાર જનાબ બરકત વિરાણી 'બેફામ'ની ગઝલની

આગળ તરી આવતી ખાસિયત હતી કે તેમની ગઝલનો મકતા (અંતિમ શે'ર) મૃત્યુવિષયક વાત કરતો હોય. અહીં શ્રી ચાવડાની ગઝલમાં પણ મોટે ભાગે મક્તાના શે'રમાં મૃત્યુચિંતન હોય છે.

ઉ. ત.

**બેદિલ' હવે એનું મિલન છે આખરી મિલન,**
**આવી રહી છે એ મને મળવા વિવશ થઈ.**

*

**દફનાવવાની ના ઉતાવળ ડાઘુઓ કરો,**
**'બેદિલ' હવે જીવી રહ્યો મરવાની આડમાં.**

*

**જડમૂળમાંથી કોઈ ઉખેડી ના શક્યું મને,**
**'બેદિલ' ઉખેડ્યો આખરે મારી જડે મને.**

*

**'બેદિલ' મૂકીને જાત ખુદની ક્યાં જતો રહ્યો,**
**આખું નગર છે મૌન એનાં કૈં સગડ નથી.**

*

**તું મોત માગીને હવે 'બેદિલ' કરીશ શું?**
**જ્યાં જિંદગીમાં રોજ મરવાનો પ્રબંધ છે.**

શ્રી અમૃત 'ઘાયલ' નવા ગઝલકારોની ગઝલને 'ઍન્ટિગઝલ' તરીકે ઓળખાવતા. તેઓ કહેતા ''આ ગઝલકારો છંદ સિવાય, રદીફ-કાફિયા સિવાય ગઝલશાસ્ત્રની એક પણ અદબ પાળતા નથી.'' (તેમની ગણતરીમાં મારી - રમેશ પારેખની - ગઝલો પણ હતી.) ગઝલમાં એક શેરમાં એક વિચાર સંપૂર્ણપણે વ્યક્ત થવો જોઈએ. એ વાત પછીના શે'ર સુધી લંબાતી હોય તો તે મુસલસલ ગઝલ અથવા નઝમનુમા ગઝલ કહેવાય એમ પણ ઘાયલસાહેબ કહેતા. ભાઈશ્રી અશોક ચાવડાની ગઝલ વાંચતાં શ્રી ઘાયલસાહેબની ટકોર યાદ અવશ્ય આવે છે. શ્રી અશોક ચાવડાની એક આખી ગઝલ ઉતારી આગળ વાત કરીએ.

**ઈતિહાસને ઊંચકી શકું એવાય સ્કંધ છે;**
**પણ શું કરું? ઈતિહાસ તો પાનામાં બંધ છે.**
**કલ્પાંત કરતી ક્યારની નિર્વસ્ત્ર દ્રૌપદી,**
**ધૃતરાષ્ટ્રની ક્યાં વાત, આખું વિશ્વ અંધ છે.**

**સાથે રહ્યા છે એટલે સોબત થઈ હશે,**
**કે આજ તો કાંટા મહીં મોહક સુગંધ છે.**
**તૂટી જશે ક્યારેક તો એ વાત વાતમાં,**
**બહુ સાચવીને શું કરો, આખર, સંબંધ છે**
**તું મોત માગીને હવે 'બેદિલ' કરીશ શું?**
**જ્યાં જિંદગીમાં રોજ મરવાનો પ્રબંધ છે.**

ઉક્ત ગઝલમાં શ્રી અશોક ચાવડાની ગઝલ કહેવાની છટાનો તેમ જ કલ્પનોનાં ઉડ્ડયનો સાથે મર્યાદાનો પણ અણસાર છે. પૂર્વસૂરિઓની રચનાઓના પડઘા આમાં સંભળાતા ન લાગે તો જ નવાઈ. આમાં આપોપી પ્રતીતિનો અભાવ ખટકે. કૃતકતા અને સપાટી પરનાં છબછબિયાં રદીફ-કાફિયામાંથી ધ્વનિત થતા સંભળાય. માત્ર અશોક ચાવડાની જ શા માટે? આજે મોટે ભાગે લખાતી ગઝલો આવી મર્યાદાથી અસ્પૃષ્ટ હોતી નથી. શ્રી ચાવડાનો એક શે'ર જોઈએ :

**વ્યવહાર, મજબૂરી, સમયની આંટીઘૂંટીમાં,**
**મારાં સ્મરણને સાચવે છે માંડ માંડ તું.**

આ 'તું'ની મનની અવસ્થા 'મને' ક્યાંથી સમજાઈ? અહીં અંદાઝેબયાની ખોડંગાય છે.

આ શે'ર પછીનો દમદાર શે'ર પણ શ્રી ચાવડા આપી શકે છે :

**એકાદ જડ રહી જતાં ઘનઘોર થૈ જઈશ,**
**હું કલ્પવૃક્ષ છું - મને જડથી ઉખાડ તું.**

ક્યારેક આ કવિ નવી રદીફ લાવી ચોંકાવે છે. પણ ચોંકાવે છે એટલું જ.

**ચારે દિશાઓ ઝળહળો શ્રીફળ વધેરું છું;**
**શ્રદ્ધાથી થઈને ગળગળો શ્રીફળ વધેરું છું.**

ખેર... નવકવિની મુગ્ધતાવશ ઘઉં સાથે કાંકરાયે પ્રથમ સંગ્રહમાં વેરાયેલા હોય. કવિની શક્તિ ખોટી જગાએ વેડફાઈ જાય નહીં તે આશયથી અહીં કેટલીક નુક્તેચીની કરી છે.

આ ગઝલસંગ્રહમાંથી કેટલાક દમદાર શે'રો પણ મળે છે. તેમાંથી થોડા આપણે સાથે વાંચીએ :

**ખંડિયેરી ભવનમાં આવે છે;**
**દર્દ સારાં શુકનમાં આવે છે.**

*

જનમ જનમથી સમયસર મેં રાહ જોઈ છે,
જનમ જનમથી તું મોડી પડી છે બસ થોડી.

*

મને ખબર છે મને તું કશું ન દેવાનો,
કશું ન માગીને હું તારી શાન રાખું છું.

*

જીવન દેનારને છે હક એ પાછું લેવાનો,
કશું જ ખોટું ન એમાં જો ફૂલ માળી લે.

*

મને હજીય ન એ વાતની ખબર શાને?
ઉદાસ હોઉં છું હું કારણો વગર શાને?

*

શ્વાસમાં છું, રક્તમાં છું, હું જ નખશિખ છું ત્વચા,
તું મને શી રીત તારાથી અલગ કરશે, પ્રિયે!

('ફૂલછાબ' : ૧૯, સપ્ટેમ્બર ૨૦૦૪, 'શબ્દસંગત')

## ગઝલની ભરચક મહેફિલમાં પોતીકો અવાજ

●

### ડૉ. હર્ષદેવ માધવ

ગઝલ એક બળૂકો સાહિત્યપ્રકાર છે. બીજી ભાષાઓની ગઝલોની સરખામણી કરીએ તો ગુજરાતી ભાષાની ગઝલે વિચારવૈવિધ્ય, નાવીન્ય, નવાં પ્રતીકો, નવા છાંદસુપ્રયોગો વગેરેની દૃષ્ટિએ પોતાની અનોખી મુદ્રા ધારણ કરી છે. એવી ભરચક મહેફિલમાં અશોક ચાવડા 'બેદિલ'નો પોતીકો અવાજ ઉમેરાય છે. એચ. કે. આર્ટ્સ કૉલેજમાં ઘણી કવિપ્રતિભાઓ કવિતાનો ટહુકો પામી છે. અનિલ જોશી, સૌમ્ય જોશી, રાજેશ વ્યાસ 'મિસ્કીન' વગેરેએ આજે પોતાનું સ્થાન બનાવી લીધું છે. પ્રસ્તુત કવિ તો કૉલેજકાળમાં જ સર્જક તરીકે ઊપસી આવ્યા છે તે એક ઘટના છે. તેમણે કાવ્યની રદીફ, કાફિયાથી માંડીને મકતા સુધી ગઝલને ઝીણવટથી ઘૂંટી ઘૂંટીને પ્રથમ સંગ્રહ પ્રગટ કર્યો છે. ગઝલોના કાવ્યપાઠ, વાંચન વગેરે દ્વારા તેમણે 'કાવ્યજ્ઞ શિક્ષયાભ્યાસ' સાધીને ગઝલને પરિપક્વ બનાવ્યા પછી પ્રસ્તુત સંગ્રહ પ્રગટ કર્યો છે.

થોડાક શે'ર આ છલકતા જામનાં રસબિંદુઓ જેવા બની રહેશે-

**દીવો લઈને હાથમાં શોધો નહીં મને,**
**વાતાવરણમાં હું વસેલો છું તમસ થઈ.**

*

**શ્વાસ મારા એમ કૈં અમથા વધ્યા છે ક્યાં?**
**રોજ ખરચાતી રહી છે થોડી થોડી મા!**

*

**આજ હું 'બેદિલ' રડ્યો ત્યારે થઈ છે જાણ,**
**ખૂબ ભીંજાતી હતી મારામાં કોરી મા.**

તેમની વક્રોક્તિઓ પણ આસ્વાદ્ય છે જેમ કે -

**હું જિંદગીથી આમ તો નારાજ ક્યાં હતો?**
**હાથે હતું વિષ એમના માટે ગળી ગયો.**

*

**લઈ જવાય ભલેને તમામ ઘરવખરી,**
**નીકળવું કેમ ઘરની બ્હાર યાદ તારી લઈ.**

શ્રી અશોક ચાવડાને તેની કારકિર્દીની શરૂઆતમાં જ આવી સુંદર સફળતા માટે અભિનંદન ઘટે છે. આ તદ્દન યુવાન કવિના આ તળાવનાં ચંચળ પાણીમાં મુકાયેલાં પગલાં વિષ્ણુના વક્ષઃ સ્થળ પર ભૃગુલાંછન જેવાં બની રહો એવી શુભ કામનાઓ.

**('બુદ્ધિપ્રકાશ' : જાન્યુઆરી ૨૦૦૪)**

## લાગણીઓનું કાવ્યઘર

●

### ડૉ. પ્રફુલ્લ રાવલ

જિંદગી પાસે 'તાજી ગઝલ'ની અપેક્ષા રાખતા અશોક ચાવડા પાસે તો 'થઈ શકે તો દર્દનો અનુવાદ કરવાનો' મનસૂબો છે અને 'ઇતિહાસને ઊંચકી શકું એવાય સ્કંધ છે', પરંતુ એની ફરિયાદ સાંભળવા જેવી છે – 'ક્યાં સુધી વાંચ્યા કરું કાગળ અધૂરો હું?' શબ્દથી નહીં તો અર્થથી સંવાદ કરવાની ઉમેદ છે. આમેય કવિ શબ્દથી અર્થ લગી પહોંચવા મથતો હોય છે. અશોકની આ જ મથામણ છે. એ મથામણનું પહેલું પગલું તે એનો ગઝલસંગ્રહ 'પગલાં તળાવમાં'. એકાવન ગઝલોના આ સંગ્રહમાં અશોકની કવિછવિ પામી શકાય છે. અશોક પુરોગામીની ટેકણલાકડી વગર પગલાં પાડી શક્યો છે એવું નથી, પરંતુ કેવળ અનુકરણમાં મહાલ્યો નથી. કોઈની છાયામાં ઊછર્યો નથી. કશુંક નવું તાકવાની એની ગતિ રહી છે એટલે એની કવિતા ઓશિયાળીનાં મહેણાંથી બાકાત રહી છે. સ્વરૂપની સમજ સાથે અભિવ્યક્તિની તાજપ અને અવનવાં કલ્પનો આ ગઝલોનું જમા પાસું છે. એનો વ્યક્તિગત તરવરાટ એની કવિતામાં અછાનો રહી શકતો નથી. એ ભાવુક તો છે જ. આજે દોડતા નગરનો દોડતો નગરવાસી છે, પરંતુ હજુ એની સંવેદના બુઠ્ઠી બની ગઈ નથી એના આસાર અહીં છે જ. તો વળી એનો આક્રોશ પણ દેખાયા વગર રહેતો નથી. અતીતને એ ભૂલી શક્યો નથી. એનું તો માનવું છે કે કોઈ અતીતને ભૂલી જ ન શકે. એના જ શબ્દોમાં સાંભળીએ એની વાત :

**કેવી રીતે ભૂલી શકે કોઈ અતીતને?**
**જે લોહીમાં વહેતો રહ્યો હો એકરસ થઈ.**

'મા' નામક રચનામાં એની માથી વિખૂટો થયાની વેદના ભારોભાર

ઝિલાઈ છે -

**આ વખત વરસો પછી હું જઈ રહ્યો છું ગામ,**
**આ વખત થાકી જવાનો હુંય શોધી મા!**

મક્તા તો આંખ ભીની કરે તેવો છે -

**આજ હું 'બેદિલ' રડ્યો ત્યારે થઈ છે જાણ,**
**ખૂબ ભીંજાતી હતી મારામાં કોરી મા!**

આ 'બેદિલ'ની સંવેદના કેવી ધારદાર છે -

**તોરણ બનીને ઝૂલવાનો બારસાખ પર,**
**હું પાંદડાંનો જીવ છું લાચાર થડ નથી.**

સાંપ્રતથી અશોક કેવો વલોવાઈ ગયો છે તેની પ્રતીતિ આ શે'રમાં થાય છે -

**અલ્લાહ કે શિવ શિવ હજી જે જાણતા ન'તા,**
**સળગી ગયાં એ ભૂલકાં દંગાફસાદમાં.**

ચારે બાજુ માનવ જાનવર બની ગયો હોય ત્યારે કવિનું મન ક્ષુબ્ધ થયા વિના શેનું રહે! કવિની વેદનાની પરાકાષ્ઠા સંભળાય છે એના મક્તામાં -

**ઉચ્ચાર 'બેદિલ' ઓમ કે આમીન ક્યાં બચ્યો?**
**પડઘાય 'તેરી જાતકા' દંગાફસાદમાં.**

'તેરી જાતકા' શબ્દના સાર્થ વિનિયોગ દ્વારા અશોકે કહેવાની વાત પૂરા જોશથી વ્યક્ત કરી છે. આ આક્રોશની વાણી છે.

અશોક ચાવડાના કેટલાક શે'ર તેની કવિપ્રતિભાને વ્યક્ત કરે છે તે માણીએ :

**સાવ ખંડેર સમ બધું લાગ્યું,**
**મેં કરી જ્યાં તપાસ મારામાં.**

*

**આજ ફરી માટીની ભીંતો ગોઠવવી છે,**
**આજ ફરી પડઘાયા છે વાદળના પડઘા.**

*

**રેતીના ઢગલા રોજ હું થાક્યો કરી કરી,**
**વરસોનું ખોવાયેલ શૈશવ ના જડે મને!**

*

**છે ઊડતા પતંગિયા જેવો જ આ સમય,**
**બાંધ્યા કરો ન આમ એને કાલ-આજમાં.**

*

**કોઈને ના દોષ દો મારા સળગવાનો,**
**મેં જ મારામાં સળગતી આગ મૂકી છે.**

પોતાનામાં સળગતી આગ મૂકતા કવિ 'રઝળતી લાગણીઓ ઘર સુધી' લાવી શક્યા નથી, પરંતુ એ લાગણીઓને કાવ્યઘર જરૂર મળ્યું છે. અશોકનું કાવ્યઘર લાગણી વિહોણું ન બને એ જ એની કવિતાનું પોત બની રહેશે.

**('સાધના' : ડિસેમ્બર ૨૦૦૪, 'શબ્દતીર્થ')**

## ગઝલ સ્વરૂપની આરાધના કરતો દમદાર કવિ

●

### ડૉ. નરેશ શુક્લ

નવી પેઢીમાં જે કેટલાક કવિઓ ઊભરી રહ્યા છે એમાં અશોક ચાવડા 'બેદિલ' પણ આવે. 'પગલાં તળાવમાં' એ એનો પહેલો ગઝલસંગ્રહ. મુશાયરાઓમાં 'વાહ વાહ' મેળવતા અશોકની રચનાઓમાં દમ પણ છે. અને એટલે જ એ પૂરી શ્રદ્ધાથી શબ્દનું મંદિર બનાવવા નીકળ્યો છે.

**દેવી ગઝલના શબ્દનું મંદિર બનાવશું,**
**'બેદિલ'માં થોડું ઓગળો શ્રીફળ વધેરું છું.**

'બેદિલ'ની ગઝલોમાં મિલન, વિરહ અને એ સંદર્ભે આવતી વેદના તથા પ્રેમની વૈવિધ્યપૂર્ણ અભિવ્યક્તિ જોવા મળે છે. ગઝલમાં એ સ્વાભાવિક પણ છે. એમાં ઉમેરાઈ છે એણે કરેલ ગઝલ સ્વરૂપની આરાધના. એ લખે છે :

**તમે ઊભાં રહ્યાં પળવાર જ્યાં ચરણ બોળી,**
**ખીલી ગયો ત્યાં આખો એક બાગ પાણીમાં.**

*

**કાંઠા ઉપર ઊભાં રહ્યાં છે એ સજલ નયન,**
**મુજ લાશ પાણીમાં તરે છે શું સબબ હશે.**

જોકે, પ્રેમમાં તડપ સવિશેષ પ્રગટી છે, અવારનવાર અને અનેકરૂપે-

**એ કારણે તો હાથ મારા લોહી લોહી છે,**
**મેં કાલ સપનામાં છબી તારી ઘૂંટી હશે.**

*

**કારણ વગર થતો નથી કૈં આમ ક્ષીણ હું;**
**તું આગ થૈ મળ્યા કરે ને હોઉં મીણ હું.**

*

**તું મને ભૂલી નહીં તો શું કરે પણ આખરે,**
**આંખમાં ક્યાં રેતના કણ કોઈથી સચવાય છે?**

જે ગઝલ પરથી સંગ્રહને શીર્ષક મળ્યું છે એ શે'ર....

**કાંઠાઓ રોઈ રોઈને જળને પૂછી રહ્યા :**
**ભૂલી ગયું છે કોણ આ પગલાં તળાવમાં?**

'બેદિલ'ની કેટલીક રચનાઓમાં ઈશ્વર, ખુદા ડોકાય છે, એમાં ભલે વિચાર નવો ન હોય છતાં રજૂઆત સારી છે :

**માથું પટકે તોય 'બેદિલ' પ્રાર્થના નિષ્ફળ જશે,**
**મૂર્તિઓ શ્રદ્ધા વગરની ફક્ત પથ્થર હોય છે.**

*

**મંદિર વચોવચ એક માણસની થઈ કતલ,**
**ઈશ્વર છતાં આવ્યો નહીં એના બચાવમાં.**

'બેદિલ' શહેરનો જીવ છે. સ્વાભાવિક જ એના પ્રશ્નો પણ નગરજીવનના જ હોય. વિચ્છેદ, એકલતા, કૃત્રિમ અને છીછરા સંબંધો અને હુલ્લડો, કોમી ઝઘડાઓ- આ બધું એની ગઝલમાં અલપઝલપ વણાયા કરે છે. લખે છે -

**અલ્લાહ કે શિવ શિવ હજી જે જાણતા ન'તા,**
**સળગી ગયાં એ ભૂલકાં દંગાફસાદમાં.**

આ ઉપરાંત એક-બે રચનાઓમાં 'બાળપણ' ડોકાયા કરે છે :

**હું ઇચ્છું કે લઈ મારી બધી સમજણ, મને આપો;**
**તમારે આપવું હો જો ખુદા બચપણ મને આપો.**

*

**નાવ કાગળની વહાવી જે નદીમાં આપણે,**
**એ નદીને આંખમાં રાખીને બચપણ સાચવું.**

આમ, અશોકની ગઝલોમાં વૈવિધ્ય છે. સ્વરૂપ પરની પક્કડ અને અવનવા રદીફ-કાફિયા પ્રયોજવાની એની સજ્જતા પણ સારી છે. વળી, કવિ માટે સતત જે અજંપો જોઈએ એ એનામાં વરતાય છે, લખે છે -

**દહન કર્યા જ કરું  રોજ લાગણીઓને,**
**હું મારી ભીતરે આખું સ્મશાન રાખું છું.**

આવા સ્મશાન રાખનારાંઓને સ્વાભાવિક જ રાખ ઊડતી રહેવાની, ચિનગારીઓ સળગતી રહેવાની. એને શબ્દમાં ઉતારવા એ સભાન પણ છે -

**રઝળતી લાગણીઓ ઘર સુધી લવાઈ નથી,**
**ઘણા સમયથી ગઝલ એક પણ લખાઈ નથી.**

ન લખવાનો અફસોસ એને લખતો રાખે છે. હા, એ ખરું કે આ રચનાઓ પર એના તદ્દન નજીકના પૂર્વસૂરિઓની ઘેરી અસર છે. વિષયમાં, રજૂઆતમાં અને વિચારોમાં પણ. એનાથી ઉપર ઊઠીને આગવી દિશા પકડવી પડશે. નવી ક્ષિતિજને આંબવા મથવું પડશે. છેલ્લે ડૉ. ચિનુ મોદીને પસંદ પડેલ શે'ર :

**તૂટી જશે ક્યારેક તો એ વાત વાતમાં,**
**બહુ સાચવીને શું કરો, આખર સંબંધ છે.**

(શબ્દસૃષ્ટિ : જાન્યુઆરી, ૨૦૦૪)

## અગોચર પગલાંની સફર

●

### ડૉ. સતીન દેસાઈ 'પરવેઝ'

**મળવું જ હોયે જો મને ખુલ્લો થઈને મળ,**
**મારાય ચ્હેરા પર હવે એકેય પડ નથી.**

ગઝલ ભલેને શબ્દસહ અનાવૃત્ત થતી હોય, પણ જ્યાં સુધી તેનો ભીતરી ગર્ભ નખશિખ પ્રાગટ્યનો મહિમા ન કરે, ત્યાં સુધી તેનું અનુસંધાન દર્શન-ચેતનાને વરતું નથી. આવી પ્રબળ અનુભૂતિનો અહાલેક ઉપર્યુક્ત શેરમાં જગાવી અશોક ચાવડા 'બેદિલ' નખશિખ અનાવૃત્ત જાત સંગે પ્રથમ ગઝલસંગ્રહ 'પગલાં તળાવમાં'ને દબદબાભેર અનાવૃત્ત કરે છે. પરંતુ ગઝલમાં મુખોમુખ થવાના અવસરને એકમાત્ર બ્રહ્મજન્ય ખુલાસીને નૈસર્ગિકતામાં જ સ્વીકારવાની તૈયારી દાખવે છે. 'બેદિલ'ની કાવ્યચેતના વાસ્તવના પ્રગાઢમાંથી દર્પણમય હૂ-બ-હૂ પ્રગટે છે. આ ચૈતન્યવિહારીને માણતા માણતા ઉર્દૂના શાયર જિગર મુરાદાબાદીની ફન્ની શખ્સિયતનું સ્મરણ થયા વિના રહે ખરું!

***તકલ્લુફ સે તસન્નો સે બરી હૈ શાયરી મેરી,***
***હકીકત શેર મેં જો હૈ વહી હૈં જિંદગી મેરી.***

***(જિગર મુરાદાબાદી)***

(અર્થાત્ ઔપચારિકતા અને બનાવટથી મારી શાયરી પર છે. શે'રમાં જે સત્ય ગુપિત છે એ જ મારી જિંદગી છે.)

પારદર્શક ગઝલ-સંવિધાનનો આ સાધક, પ્રકૃત્તિ પરિસ્થિતિ, અનુભૂતિ, ભાવજગત અને નિરૂપણની પ્રત્યેક કડીમાં અવિભાજ્ય અવસ્થાને ગૂંથે છે. વિભિન્ન ભાવવિશ્વના વિહાર વચ્ચે પણ આત્મજાગૃતિના સઘન પરિણામો સાધી

ભાવઐક્યમાં જ ગઝલના અંતિમને તાકે છે.

**શ્વાસમાં છું, રક્તમાં છું, હું જ નખશિખ છું ત્વચા,**
**તું મને શી રીત તારાથી અલગ કરશે પ્રિયે.**

'પગલાં તળાવમાં'ની એકાવન ગઝલના હમસફર થતા ભાવકને નિશ્ચે એ પ્રતીતિ થશે જ કે આ સર્જક આત્મપ્રતીતિ અને આત્મસંકલ્પનો જીવ છે. જે પ્રતીતિના ચરમ સાધ્યા પછી પણ 'સ્વ'ના મૂળાધાર સિવાય અન્ય તત્ત્વના પરિણામજન્ય અસ્તિત્વને નકારે છે એથી જ એમના કેટલાક અશઆરમાં આવા સંવેદનના ગૂઢાર્થ પ્રગટે છે...

**તોરણ બનીને ઝૂલવાનો બારસાખ પર,**
**હું પાંદડાનો જીવ છું લાચાર થડ નથી.**

*

**એકાદ જડ રહી જતાં ઘનઘોર થૈ જઈશ,**
**હું કલ્પવૃક્ષ છું મને જડથી ઉખાડ તું.**

*

**દીવો લઈને હાથમાં શોધો નહીં મને,**
**વાતાવરણમાં હું વસેલો છું તમસ થઈ.**

*

**જડમૂળથી કોઈ ઉખેડી ના શક્યું મને,**
**'બેદિલ' ઉખેડ્યો આખરે મારી જડે મને!**

આમેય સ્વકીય બળે સર્જકતાના ભેખધારીને કોઈ પૂર્વસૂરિઓની છાયાનું અનુસરણ ક્યારે ખપે છે! તેનો આત્મપ્રકાશ તેને લખ્યા ભાગ્યલલાટે નિરંતર ઝળહળતો જોવા જડે છે. જેમ ઉર્દૂ શાયર ગોપાલ મિત્તલ કહે છે -

***ગૌર સે દેખ નવિશ્તા મેરી પેશાની કા,***
***જો મેરે અઝમ સે ઊભરી હૈ વો તહરીર ભી દેખ.***

(અર્થાત્ - મારા લલાટ પર ચિત્રિત લિખાવટને ધ્યાનથી જો, કારણ એ લિખાવટ મારા પ્રબળ સંકલ્પથી જ ઊભરી છે.)

પ્રબળ આત્મ સંકલ્પના બળે લલાટે ગઝલચિતાર કરવામાં 'બેદિલ' નિઃસંદેહ સાફલ્ય પામ્યા છે. જેના સમર્થક પરિબળોનો વ્યાપ એમની ગઝલોમાં એવો તો ફૂલ્યોફાલ્યો છે કે તેમનું સંવેદનવિશ્વ અગણિત દિશાઓમાં દૃષ્ટિગોચર થાય છે.

કેટલાક શે'ર પ્રમાણીએ :

**ઈતિહાસને ઊંચકી શકું એવાય સ્કંધ છે;**
**પણ શું કરું? ઈતિહાસ તો પાનામાં બંધ છે.**

*

**ક્યાં રોકાશું? રસ્તો ક્યાંનો? કંઈ ખબર ના,**
**ક્યાંક કલમ, કાગળ ને ખડિયા લઈને ચાલ્યા.**

*

**રોકાયાં'તાં વાદળ ખાલી બે પળ માટે,**
**આ વખતે પણ છતનાં નળિયાં લઈને ચાલ્યાં.**

*

**આજ ફરી માટીની ભીંતો ગોઠવવી છે,**
**આજ ફરી પડઘાયા છે વાદળના પડઘા.**

*

**એક દિવસ દરવાજો તોડીને નીકળશે,**
**અંદરથી અથડાતી આ સાંકળના પડઘા.**

*

**કરી ગયો છે બધું રાખ એકલો તણખો,**
**ફક્ત વહી'તી હવાઓ જરૂરિયાત મુજબ.**

ઉપર્યુક્ત અશઆર સૂચવે છે કે 'બેદિલ'નું વાસ્તવદર્શી ભાવજગત શબ્દ-સ્વર-રાગ અને પ્રતીક-કલ્પનના અનેકાનેક સંદર્ભોને એકસાથે ચકાસે છે, ઉઘાડે છે. ઈતિહાસ લઈ રહસ્યચેતના સંકુલમાં વિહરે છે, તો ક્યાંક પડઘાતા વાદળને પરિણામલક્ષી બનાવવા માટીની (પિંડની) ભીંતો રચી આત્મસમર્પણના અવસર રચે છે, તો ક્યાંક ભીતર સજ્જડ ભીડેલા આત્મનાદને દ્વાર તોડી ભાગી નીકળવાનું સંકલ્પબળ સૂચવે છે તો ક્યાંક વાદળનાં ક્ષણાર્થ આતિથ્યને નળિયાની ભેટ ધરે છે, તો ક્યાંક એક તણખામાં જ પિંડને ભસ્મીભૂત કરતી હવાનું આલેખન કરે છે.

આ અકળ-સકળ તત્ત્વસંવિધાનનો એકાકાર સાધીને આ સર્જક જંપતો નથી. પરંતુ સ્થૂળ આસ્તિકતાના પ્રમાણોને તેના સ્થાપિત ઐશ્વર્ય સંદર્ભે છડેચોક પડકારે છે-

**મંદિર વચોવચ એક માણસની થઈ કતલ,**
**ઈશ્વર છતાં આવ્યો નહીં એના બચાવમાં.**

*

**લાંબી ઉમરની જે દુઆ કરતો હતો સદા,**
**એ આદમી મરી ગયો કાલે નમાજમાં.**

*

**મારી કનેય આપવા જેવું કશું ન'તું,**
**મેં રામનામ દઈ દીધું પાછું ફકીરને.**

*

**હવે તું આવ, આવીને રહે ઘરની દીવાલોમાં,**
**હું આવું કેમ મસ્જિદે પયંબર થાક લાગે છે.**

ઉર્દૂ સાહિત્યના આ અભ્યાસુને, ફકીર-નમાજ-પયંબર-મંદિર-ઈશ્વર જેવા શ્રદ્ધેય પ્રતીકો તેમની વક્રોક્તિ (Paradox) માટે સહજ ઉપલબ્ધ છે. ગઝલમાં પૂર્વસૂરિઓએ જે તે પ્રતીકનો અવારનવાર વિનિયોગ કર્યો છે ખરો, પરંતુ બહુધા તેઓ ઉર્દૂત્વનું છાયાનિરૂપણ કરવામાં જ સફળ નીવડ્યા છે, જ્યારે 'બેદિલ'ની કમાલ તેના ચમત્કૃતિજન્ય નિરૂપણમાં કૉળે છે. આ સંદર્ભે એમનો અંદાઝેબયાં નોંધપાત્ર છે. આ તબક્કે એક જાણીતો શે'ર જોઈએ :

***પંડિતજી થાક્યા હો તો હવે હું ગઝલ કહું,***
***આવ્યો ન કૈં જ સ્વાદ મને તો ગનાનમાં.***

(રાજેન્દ્ર શુકલ)

આ શે'રસંવિધાન ચકાસતા જણાશે કે પંડિતના સુદીર્ઘ બયાનાત પશ્ચાત્ ઉપર્યુક્ત સર્જકને પંડિતાઈની બેસ્વાદ અજ્ઞાનતાનો અહસાસજન્ય સ્પર્શ સાંપડે છે.

જ્યારે 'બેદિલ' મસ્જિદ-પયંબરના નિર્જીવ ચરિત્રઅનુસંધાનને પહેલેથી જ મૂળસોતું પામીને પયંબરને મસ્જિદમાં નહીં પણ નિજઘરની દીવાલોમાં (પિંડ મધ્યે) સજાગ આવાસી થવા ચેતવે છે. આ સંદર્ભે ડૉ. ઇકબાલનો શે'ર ટાંકી શકાય...

***મસ્જિદ તો બના દી શબભર મેં ઈમાંકી હરારતવાલોં ને,***
***દિલ અપના પુરાના પાપી હૈ બરસોં સે નમાઝી હો ન સકા.***

આમ, ઉપર્યુક્ત શે'રચયનમાં આપણને ઇકબાલ જેમ 'બેદિલ'માં પણ જીવંત સર્જન સમૃદ્ધિનો સ્પર્શ થાય છે. તો વળી, વાસ્તવના મૂળાધારે વિકસતો-વિલસતો સર્જક મૂળાધારથી ચલાયમાન થયા વિના જ બૃહદ ભાવવિશ્વને અનંત ફંગોળવાનું સામર્થ્ય દાખવે છે.

જેમ સિતાંશુ યશશ્ચંદ્ર કહે છે કે 'આત્મપ્રતીતિ વિનાના કહેવાતા સમર્થ જ્ઞાની સર્જકોમાં ચરમ અનુભૂતિની શબ્દદર્શના ભલેને જોવા જડે, પરંતુ સહજ વાતાવરણનો, શૈશવ કે માતૃત્વનો પડછાયો સુધ્ધાં પણ ડોકાતો નથી. અને જો તે ડોકાય છે તો માત્ર ખંડિત રૂપે જ.' ત્યારે આ કવિ એથી વિપરીત, ગઝલ શાશ્વતની તમામ પરિમિત સિદ્ધ કરીને પણ ગામ, શૈશવ અને માતૃત્વના ઝૂલણે નિસર્ગ સમ ઝૂલે છે. તેનાં વીતકને ભરપૂર શ્વસે છે.

**રઝળતી લાગણીઓ ઘર સુધી લવાઈ નથી;**
**ઘણા સમયથી ગઝલ એક પણ લખાઈ નથી.**

*

**હું ઈચ્છું કે લઈ મારી બધી સમજણ, મને આપો;**
**તમારે આપવું હો જો ખુદા બચપણ મને આપો.**

*

**ઊડી ગયાં જ હશે પાંચસાત નળિયાંઓ,**
**મેં એકલું જ મૂક્યું ગામડામાં ઘર શાને?**

*

**થઈ અજાણી શહેરમાં આવ્યા પછીથી મા;**
**આઠ આનાની ચબરખીમાં જ મળતી મા.**

*

**શ્વાસ મારા એમ કૈં અમથા વધ્યા છે ક્યાં?**
**રોજ ખરચાતી રહી છે થોડી થોડી મા!**

જે સર્જક માના નાભિનાદને નિરંતર ઝીલે છે તેની સર્જકતાને બિંબિત-પ્રતિબિંબિત થવા કાજે સાધન અવલંબન અનાવશ્યક છે. આવો સર્જક સાયાસ ગઝલ આધ્યાત્મના રુક્ષત્વને બદલે સહજ ગઝલવૃક્ષત્વને વરે છે. ગઝલ ભલે પ્રેયસીના રૂપમાં આત્મસાત્ થતી હોય અંતે તો માતૃત્વને જ વરતી હોય છે.

***મૈં માં કે સીને સે ટપકા હુએ ઈક દૂધ કા કતરા,***
***મુઝે પી લે સમજ તૂ જાયેગા રંગે-ગઝલ ક્યા હૈ.***

*(સતીન દેસાઈ 'પરવેઝ')*

વિશુદ્ધ સત્ત્વ-તત્ત્વની ઝાંઝર મીરાંની જેમ ઝણકાવતો આ શાયર વિસ્મય-રહસ્ય ઓઢ્યા વિના ભાવકને વિસ્મય-અજંપો પમાડે છે. ચરમ-ગેબ સંદર્ભે ભાવકને આંજી નાખતા શબ્દ-કલ્પન પ્રતીકના ઝળહળાટ વિનાય પ્રાગટ્યને વરે છે એ સત્ય નીચેના અશઆરમાં પામી શકાશે.

**મરણ જતું ન રહે એનું ધ્યાન રાખું છું;**
**દરેક શ્વાસને હું સાવધાન રાખું છું.**

*

**બાતમી સૂરજની લઈને આવવામાં જો,**
**હાથ તો સળગી રહ્યા છે પગ હવે સળગાવ.**

*

**કોઈ અગોચર દેશમાં 'બેદિલ' મૂકી જઈ,**
**મારા સુધી ના આજ પણ પાછી વળી હવા.**

*

**ભૂલો પડું છું હું પછી ખુશબૂના દેશમાં,**
**છોડી અગર જો જાય મારી આંગળી હવા.**

*

**હવે આથી વધારે ભાગ્યનું શું હોય પલટાવું?**
**નજૂમીઓ જુએ છે એકબીજાની હથેલીને.**

આમ આ કવિ, ખુશબૂના દેશ (બાગે-બહિશ્ત) સ્વર્ગીય બાગનું અપ્રાપ્ય ચિત્રણ ગઝલની નવ્ય બાનીમાં નિરૂપી રહસ્ય-વિસ્મયને અનાવરિત પણ કરે છે ત્યારે સંગ્રહમાંથી પસાર થતાં આ કાળવિજયીને સ્હેજ ટકોરવાનું મન થાય છે.

સંગ્રહમાં કાળલક્ષી પ્રયોજાતાં કલ્પન-પ્રતીક જેવાં કે શ્વાસ-મૃત્યુ-લાશ-કફન વગેરેનો વિનિમય અસ્ખલિત જોવા મળે છે. 'બેફામ' જેમ 'બેદિલ' પણ બેદિલીથી કાળસંવેદનને અનેકાનેક શે'રમાં પ્રયોજી, સકારાત્મક તત્ત્વસંવિધાનનો તખ્ત સાધ્યા પછીયે, સંકલ્પશૈથિલ્યના અનુરાગમાં કેમ કૉળે છે! તે વણ ઉકેલ્યો પ્રશ્ન છે.

આ સંવિધાન ખાળી શકાયું હોત તો...

**કેમ દફનાવવી વિચારું છું,**
**હોય મારી જ લાશ મારામાં.**

*

**દફન કરી ન શક્યું કોઈ લાશ 'બેદિલ'ની,**
**એ રોજ રોજ મરાયો જરૂરિયાત મુજબ.**

આ કવિ પણ અન્ય સર્જકની જેમ પુરાકલ્પન વિનિયોગને ખાળી શક્યા નથી. સદ્ભાગ્યે માત્ર બે શે'રમાં જ એ ડોકાય છે. છતાં ચમત્કૃતિજન્ય આવિષ્કારો રચે છે.

**કલ્પાંત કરતી ક્યારની નિર્વસ્ત્ર દ્રૌપદી,**
**ધૃતરાષ્ટ્રની ક્યાં વાત આખું વિશ્વ અંધ છે.**

*

**કરી શક્યો ન સજીવન તને હું એ જ સબબ,**
**નગરમાં કોઈ ઘરે એક મુઠ્ઠી રાઈ નથી.**

આમ 'બેદિલ'નું વાસ્તવદર્શન ક્યાંક પુરાકલ્પનના આધારને પણ નિર્મે છે. પરંતુ મહદંશે સંગ્રહની ઉપલબ્ધિ તેના સાત્ત્વિક અહેસાસના નિર્ભેળ વિહારમાં કૉળે છે. આ કવિ બાળસહજ ઊર્મિઓના ગર્ભમાં લોળ લોળ છોળે છે. ઊર્ધ્વગમનના હઠાગ્રહ કરતા આંતરગમનની સહજ ગતિને સાદે છે. જે સમાધિરત થવાને બદલે, અધિક સજાગતા દાખવી સપાટી પર ગતિ સંચાર કરે છે. આમ 'બેદિલ' નિજ નાભિદલમાં જ સુદર્શન જેમ ચક્રાકાર ગતિ કરી ગઝલના વેગીલા પિંડને બાંધે છે.

**આ તરફ ઘોંઘાટ કરવાની મનાઈ છે હવા,**
**મૌન થઈ જા એક બાળકની કબર છે આ તરફ.**

*

**તારાં સ્મરણને એ સમય ભૂલી જવાનો હું,**
**ખુશબૂનો ભાર લાગશે જ્યારે સમીરને.**

*

**તારો અવાજ શૂન્યમાં શામિલ થવાનો છે,**
**હોવા વિશે ન રોજ 'બેદિલ' સાદ પાડ તું.**

*

**કાંઠાઓ રોઈ રોઈને જળને પૂછી રહ્યા :**
**ભૂલી ગયું છે કોણ આ પગલાં તળાવમાં.**

એકાવન અગોચર પગલાનું કમળવત્ સ્થાપત્ય તળાવમાં કરી, ગઝલનો આ સ્વૈરવિહારી સ્વયં કોઈ અગોચર પંથે સરી પડ્યો છે! ક્યાં? તેનો વિસ્મય-અજંપ સંગ્રહના પૃષ્ઠે પૃષ્ઠે કૉળે છે.

**'બેદિલ' મૂકીને જાત ખુદની ક્યાં જતો રહ્યો,**
**આખું નગર છે મૌન એના કૈં સગડ નથી.**

જેમ સ્થળ, જળ, કાંઠાને આ સર્જકનાં સગડ મળતાં નથી, તેમ અનાગતને પણ આ અગોચર પગલાંની સફળ ગઝલનાં નિર્ઝરથી... છેક સમંદર સુધી દોરી જશે જ એવી શ્રદ્ધા, આ સંગ્રહમાં પગલાં પાડ્યા પછી પ્રત્યેક ભાવકના

મન-અંતરમાં નિઃસંદેહ જાગશે જ... કે

*ઈતના બહ જા કિ તુઝે ઢૂંઢને સાહિલ નિકલે;*
*તું જહાં ચલ દે તેરે પા તલે મંઝિલ નિકલે.*
*(ડૉ. સતીન દેસાઈ 'પરવેઝ')*

('તાદર્થ્ય' : સપ્ટેમ્બર ૨૦૦૫)

# આસ્વાદ લેખ

## 'નથી'ની પાછળ રહેલી નરવી નિખાલસતા

•

રાધેશ્યામ શર્મા

ધારીને મેં જોયા કર્યું છે ક્યાંય તડ નથી,
કારણ વગર આ આરસીમાં મારું ધડ નથી.
કોઈ ઉકેલી જાય તો આભાર માની લઉં,
રેખાઓ મારા હાથની સ્હેજે સુઘડ નથી.
મળવું જ હોયે જો મને ખુલ્લો થઈને મળ,
મારાય ચ્હેરા પર હવે એકેય પડ નથી.
તોરણ બનીને ઝૂલવાનો બારસાખ પર,
હું પાંદડાનો જીવ છું લાચાર થડ નથી.
'બેદિલ' મૂકીને જાત ખુદની ક્યાં જતો રહ્યો?
આખું નગર છે મૌન એના કૈં સગડ નથી.
(પૃષ્ઠ-૧૨) ('પગલાં તળાવમાં')

ગઝલ સ્વરૂપની સંરચનામાં રદીફ 'નથી', જે પાયાનો પથ્થર છે 'નથી' – એના ઉપર 'નથિંગનેસ'ની ઈમારત ચણી છે,પણ આ નથી-ત્વ નહિવત્ છે કેમ કે પાર્શ્વ ભાવભૂમિકામાં નિરાળી નિખાલસતાની વિધેયાત્મકતા સંનિહિત છે.

પાંચ શે'રની આ – કૃતિમાં પ્રત્યેક બેતમાં સાદ્યંત આવતા કાફિયા તડ-ધડ, સુઘડ,પડ, થડ, સગડ, છ છ 'ડ' કાર આવ્યા છતાં ડચકાં લેતા નથી પણ ડચકારાના પ્રવાહી લયને હંકારી શક્યા છે! 'ક્યાંય તડ નથી' શીર્ષકનો મત્લામાં સરસ વિનિયોગ જુઓ.... ગઝલપ્રકારની એ ખાસિયતનો અહીં બખૂબી મલાજો પળાયો છે કે પ્રત્યેક શે'રની સ્વતંત્ર અને સ્વાવલંબિત આબોહવા ટકી રહે.

મત્લામાં કાવ્યનાયક જુએ છે કે આરસીમાં ક્યાંય તડ નથી પણ તે પ્રથમ કડીમાં નહિ, પણ બીજીમાં સૂચિત છે, તે પછી આ મિસરા-એ-સાનીમાં વિસ્મયનો દારૂગોળો બરાબરનો સંભર્યો છે : 'કારણ વગર આ આરસીમાં મારું ધડ નથી.'

નાયક આરસી સામે ઊભો હશે, તાકીને જોતો હશે તેની નોંધી શક્યો કે આરસીમાં તો ક્યાંય તડ નથી, પણ પછી માત્ર મસ્તક જ ચહેરાસમેત ભળાયું જ્યાં બાકીનો દેહાંશ ધડ નથી, પણ સાવ એવુંયે નથી કેમ કે કર્તાએ 'કારણ વગર' શબ્દો પ્રયોજ્યા છે. કમાલ 'કારણ વગર'ની જ છે, એનું તાત્પર્ય એવું પણ નીકળે કે કાંઈ કારણ વગર જ આરસીમાં મારું ધડ નથી, કદાચ સકારણ જ મારું ધડ છે. આરસીમાં જેમ તડ નથી તેમ નાયકનું ધડ 'નથી' છતાં છે - એમ કલ્પી શકાય.મસ્તક અને ધડ બંને સાબૂત દર્શાવવાનો આ કીમિયો, છે છતાં નથી અને નથી છતાં છે સૂચવવાનો તરીકો કર્તા જાણતા લાગે છે. આ 'માસ્ટર-કી' હરેક શે'રમાં લાગુ પાડવાથી દરેકની સ્વ-તંત્રતાનો આસ્વાદ લઈ શકાશે.

બીજા શેરના દાવા અને દલીલ પણ સુખપાઠ્ય છે. સ્પષ્ટ કબૂલાત છે અભિધાપ્રધાન પંક્તિમાં, મારા હાથની રેખાઓ 'સ્હેજે સુઘડ નથી' એટલે ચૅલેન્જ સાથે આભાર પણ માની લેવાની તૈયારી છે - અણઘડ હસ્તરેખાઓ કોઈ નજૂમી ઉકેલી આપવાની હામ ભીડે તો.

મનુષ્યો એકબીજા સાથે હળેમળે કે ભળે છે ખરા પણ ક્લૉઝ કપબૉર્ડ-કબાટ-જેવાં! ખુલ્લાશથી મળતા નથી.મહોરાં પહેરીને અકબંધ મળે એનો શો અર્થ? એટલે નાયક નિજી અહમ્‌નો 'માસ્ક' અળગો કરવાની પહેલ કરી નિમંત્રી શકે છે : 'મારાય ચ્હેરા પર હવે એકેય પડ નથી.' (આ કડીમાં બબ્બે 'ય' - કાર સાભાર લાગે છે!)

ગઝલનો "હાસિલે-ગઝલ-શે'ર" આ લાગ્યો :

**તોરણ બનીને ઝૂલવાનો બારસાખ પર,**
**હું પાંદડાનો જીવ છું લાચાર થડ નથી.**

નાયકની આસોપાલવનું તોરણ હોવાની ખાતરી નથી. નથીના 'નથિંગનેસ' નાદાગ્નિને બુઝાવી શકનાર શમન-ઊર્જાનો મંગલ અહેસાસ અર્પે છે !

પરંતુ મક્તાનો સૂર, નાયક-કર્તાની, અર્થાત્ કર્તા-નાયકની બેદિલીને ગુમનામ પસંદ બિનહયાતી (nothingness)ને શબ્દાંકિત કરવામાં ઓછો સફળ

નથી થયો. જાત ક્યાંક ગુમ થઈ ગઈ અને સગડ નહિ સાંપડવાથી નગર કહેતાં જગત મૌન થઈ રહ્યું છે!

કાંઠાઓ ભલે રોઈ રોઈ પૂછી રહ્યા હોય જળને ભુલાયેલાં પગલાં વિશે, પણ ગઝલકાર અશોક ચાવડાનાં આવાં પગલાંની કર્તૃત્વછાપ ભવિષ્યમાં જોઈ મોહીને માન્યતા પ્રાપ્ત કરશે ખરી.

**('કવિલોક' : મે-જૂન ૨૦૦૪),**

**('લોકસત્તા-જનસત્તા' : ૬, ઑક્ટોબર ૨૦૦૪ 'શબ્દોનાં એકાંત')**

# યાદ

•

## ડૉ. નીતિન વડગામા

કોઈ વ્યક્તિવિશેષ કે વાતાવરણ વિશેષની યાદ મનને ભરી દે છે ને તરબતર કરી દે છે. યાદોની શીળો છંટકાવ આંતરમનમાં ભીનપવરણું વાતાવરણ રચે છે. વીતેલી વાત કે વીતેલા વખતની યાદ આવતાં જ ફરી પાછો પેલો ભૂતકાળ સજીવન થઈ ઊઠે છે! યાદ આમ, વ્યક્તિને એના વીતેલા સમયમાં પુનઃવિહાર કરાવે છે. હૃદયમાં ચિરસ્થાયી થયેલાં વ્યક્તિ-વસ્તુ-વાતાવરણ સમયાંતરે યાદરૂપે પુનર્જીવિત થતાં રહે છે. યાદની સહાયથી જીવતી થતી એ સૃષ્ટિ સુખદ અનુભવ કરવા અને એમ, ગમતીલી યાદોનું મધુવન મનમાં આહ્‌લાદ જન્માવે. તો ક્યારેક કેટલીક યાદો દુઃખને પણ નોતરે. અણગમતી યાદોના કાંટા આપણા ભીતરી પ્રદેશને લોહીઝાણ પણ કરી મૂકે! કવિઓ, યાદનો મબલક મહિમા કરે છે અને સાથોસાથ યાદનાં ભયસ્થાનોને પણ ચીંધે છે.

કવિશ્રી અશોક ચાવડા 'બેદિલ'ના તાજેતરમાં પ્રગટ થયેલા 'પગલાં તળાવમાં' ગઝલસંગ્રહમાં, યાદના વિવિધ-વિશિષ્ટ સંદર્ભો આવતા રહે છે. આવો, આજે યાદને નિમિત્તે 'બેદિલ'ને યાદ કરીએ અને તેમના તાજગીપૂર્ણ ગઝલસંગ્રહ 'પગલાં તળાવમાં'ને આવકારીએ.

કોઈ સાથી-સંગાથી કે સ્વજનની પુષ્પ સમી યાદ સર્વત્ર સુગંધ પ્રસરાવે, તો એમની પથ્થર જેવી કઠોર નઠોર યાદ આંખમાં ને અંતરમાં પડઘા પાડે! આવી પથ્થર સમી યાદને અને એના પરિણામને કવિ આ રીતે ઝીલે છે -

**સાવ સૂની આંખમાં પડઘા પડે છે યાદના,**
**યાદ જ્યારે હમસફરની ફક્ત પથ્થર હોય છે.**

વ્યક્તિની પ્રત્યક્ષ ઉપસ્થિતિ ન હોય ત્યારે પણ, પરોક્ષ રીતે તો એની સંન્નિધિ અવશ્ય અનુભવી શકાય. અને એ માટે યાદનું ઓજાર અકસીર પુરવાર થાય. યાદનો ખડક ગળે-ઓગળે ને ધીમે ધીમે જાણે કે ખળખળ વહેતાં ઝરણાંનું રૂપ ધરે. અને પછી એ કેવો ચમત્કાર સર્જે? યાદની પ્રવાહિતા જાણે કે ભીતરી પ્રદેશમાં અઢળક અજવાળાં પાથરે! કવિની કલમ, યાદને પરિણામે અંતરના ઓરડામાં થતાં ઝળહળાટ સુધી પણ પહોંચે છે -

**ખડક યાદનો ધીમે ધીમે ગળવા લાગ્યો,**
**એક ઓરડો ઓચિંતો ઝળહળવા લાગ્યો.**

ઘરમાંથી વિદાય લેતી વ્યક્તિ સ્થૂળદેહે ભલે જ વિદાય લે, પરંતુ એના સ્મરણનાં આંદોલનો તો એમના ગયા પછી પણ અકબંધ જ રહે. યાદ રૂપે એમની હાજરી ઘરમાં સતત વરતાયા કરે. અને એ યાદની કઠોરતા કે તીવ્રતા પણ કેવી હોય? ભીનપવરણી યાદનો ભેજ ઘરની દીવાલ ઉપર પણ દેખાયા કરે. કઠોર યાદની અસરને કવિ આ રીતે ચીંધે છે -

**ભેજ લાગી ગયો દીવાલોમાં,**
**યાદ કેવી કઠોર છે ઘરમાં?**

ઘરમાં વ્યાપી વળેલી યાદ એવી તો દૃઢમૂલ બની રહે છે કે એનું સ્થાનાંતર શક્ય ન બને, બલકે એ યાદ જાણે કે ઘરમાં નીકળવાનું નામ જ ન લે! ઘર છોડીએ અને ઘરવખરી અન્યત્ર લઈ જઈએ એ બની શકે, પરંતુ ઊંડા મૂળ નાખી ઘરમાં ઊભેલી યાદોને લઈ જવાનું તો અશક્ય જ. કવિ, યાદનો ઘર સાથેનો આવો મજ્જાગત નાતો પણ નિર્દેશે છે.

**લઈ જવાય ભલેને તમામ ઘરવખરી,**
**નીકળવું કેમ ઘરની બ્હાર યાદ તારી લઈ.**

કેટલીક વાર યાદ અતિથિની માફક આવે ને ચાલી જાય, તો ક્યારેક વળી યાદ ગૃહસ્થની જેમ ઘર કરી જાય અને પડી પાથરી રહે. એક બાજુ, યાદની આવન-જાવન થયા કરે, તો બીજી બાજુ ઠરીઠામ થયેલી યાદ ઘરમાં જ ચિરસ્થાયી બને અને ચાહીએ ત્યારે સુલભ પણ બની રહે. પ્રિયજનની આવી હાથવગી અને હૈયાવગી યાદ કવિને આમ કહેવા પ્રેરે છે-

**ચહું છું જ્યારે મને એ મળી જતી ઘરમાં,**
**તમારી યાદ ગમે ત્યાં હજી મુકાઈ નથી.**

યાદ, વ્યક્તિને વિવશ બનાવે ત્યારે વ્યક્તિ પોતાના વશમાં ન રહે, બલકે યાદના પ્રચંડ પ્રવાહમાં એ સહજ રીતે જ તણાયા કરે. યાદની પ્રબળતા કે પ્રચંડતાનો જ એ પ્રતાપ. હૃદયસ્થ વ્યક્તિને વીસરવાની લાખ કોશિશ કરીએ તો પણ ઘણી વાર એને વીસરી ન શકીએ એવું બને. દૃઢ થયેલી યાદ ગમે ત્યારે, ગમે તે રૂપે-રંગે સામી મળે.અનાયાસે જ ઘણી વાર યાદોની કૂંપળ ફૂટી નીકળે અને એમાંથી યાદ આવેલી વ્યક્તિના પ્રેમનું પગેરું પણ મળે. યાદની તીવ્રતા કે પ્રબળતાને કવિ આ રીતે પણ તાકે છે -

**કૂંપળ બનીને યાદ કોઈની ફૂટી હશે;**
**દીવાલ મારા ઘરની ક્યાં એમ જ તૂટી હશે?**

પ્રિયજનની પ્રત્યક્ષ ઉપસ્થિતિના અભાવમાં એની યાદ અત્યંત આશ્વાસક નીવડે. સાવ એકાકી અવસ્થા શુષ્કતા કે રૂક્ષતાને નોતરે, જ્યારે યાદોની ભીનાશ એ શુષ્કતાને ઓગાળે અને શાતાનો શીળો છંટકાવ કરે. આંખમાં ઊગતી-વાગતી સહરા સમી સહજ ભાવે એવી અપેક્ષા પ્રગટ કરે છે -

**વાગી રહી છે આંખમાં કોરાશ ક્યારની,**
**તું યાદ એકાકી સજલ આપી શકે તો આપ.**

ક્યારેક સંતૃપ્ત એવી એકલતા અકળાવે, તો ક્યારેક વળી એકલતાનો હેમાળો હાડ પણ થીજવી દે. યાદ, એકલતાની આગને ઠારે અને થીજેલા હૈયાને ઓગાળે. યાદ એમ, શાતાનો અને ઉષ્માનો બંનેનો અનુભવ કરાવે. આંખમાં થીજી ગયેલા બર્ફને ઓગાળાવા માટે પણ, પ્રિયાની યાદની હૂંફ અકસીર ઇલાજ બની રહે. તેથી જ તો દૃઢ પ્રતીતિ સાથે કવિ એમ કહે -

**હૂંફ તારી યાદની થોડીક જો મળશે પ્રિયે,**
**આંખમાં થીજી ગયેલો બર્ફ ઓગળશે પ્રિયે.**

યાદ, આમ, વિવિધ ભૂમિકા ભજવી શકે. અવલંબન પૂરું પાડતી યાદ, ક્યારેક આવરણનું કામ પણ કરે. યાદોને કારણે કેટલીકવાર આપણી પીડા ઉપર પડદો પડે અને પરિણામે અવસાદનો અંદાજ ન આવી શકે. યાદની બાઝેલી લીલ, આંખમાં છુપાયેલા આંસુનો અંદાજ ન આવવા દે એમ બને. એટલે જ તો કવિ, એવું તથ્ય પણ તારવે છે -

**અંદાજ આંસુઓનો હમણાં આવશે નહીં,**
**બાઝી છે લીલ યાદની આંખોમાં થર થઈ.**

આજના બદલાતા સમયે માણસને પણ અંદર અને બહારથી બદલી નાખ્યો. સમયની કારમી કટોકટીમાં શ્વાસ લેતો માણસ, એને જાણ પણ ન થાય એવી રીતે ઘણુંબધું ગુમાવતો હોય. એવી વિષમ સ્થિતિમાં માણસે યાદની મહામૂલી મૂડી પણ ગુમાવી! સાંપ્રત સમય સંદર્ભમાં માણસને અનુભવાતી યાદની ઓટ અંગેનો અફસોસ પણ કવિ વ્યક્ત કરે છે -

**કરું તો યાદ કરું કોને કોને હું 'બેદિલ',**
**સમયની સાથ ઘટી યાદની જણસ થોડી.**

યાદોની વનરાજી જીવતરને હરિયાળું બનાવે એ એક સ્થિતિ છે, તો ઝાડથી છૂટી પડેલી ડાળખીની માફક યાદને વહેરાવું પડે એ સ્થિતિ કરપીણતા જન્માવે છે. પ્રિયજનની ચર્ચાનો વિષાદ અને યાદની વિષમતાએ એકસાથે તાકીને કવિ બયાન કરે છે કે -

**તું હવે એ રીતથી હમણાં બધે ચર્ચાય છે,**
**યાદ નામે સાવ સૂકી ડાળખી વ્હેરાય છે.**

યાદનું અવલંબન રાહત જન્માવે એટલે મોટે ભાગે તો યાદનો આશ્રય લેવાનું ગમે જ, પરંતુ કોઈ ચોક્કસ ભૂમિકાએ પહોંચીને કે પહોંચવા માટે કેટલાંક વળગણો ઉતારીને નિર્ભાર થવાનું પણ એટલું જ ગમે. આવા પ્રશ્નાર્થો સાથે કવિ એવી સ્થિતિની ખેવના કરે છે -

**યાદનું પહેરણ ઉતારી જોઉં છું કૈં છે ખરું? જો હોય તો છોડી જવું છે;**
**આખરી વળગણ ઉતારી જોઉં છું કૈં છે ખરું? જો હોય તો છોડી જવું છે.**

**('ફૂલછાબ' : ૧૨, જૂન ૨૦૦૫, 'મધુશાલા')**

## નામ વગરનો રોગ...

●

### અંકિત ત્રિવેદી

કૂંપળ બનીને યાદ કોઈની ફૂટી હશે;
દીવાલ મારા ઘરની ક્યાં એમ જ તૂટી હશે.
એ કારણે તો હાથ મારા લોહી લોહી છે,
મેં કાલ સપનામાં છબી તારી ઘૂંટી હશે.
પૂછ્યા કરે છે ફૂલની ડાળો લચી લચી,
કોણે ઉદાસી બાગમાં આવી ચૂંટી હશે.
બાકી હશે તારું સ્મરણ વિશ્વાસ છે મને,
છો તસ્કરોએ ઘરની સૌ મિલકત લૂંટી હશે.
તું શોખથી ભેટી શકત તારા મરણને પણ,
માનું છું તારી જિંદગી 'બેદિલ' ખૂટી હશે.
(પૃષ્ઠ-૨૭)          ('પગલાં તળાવમાં')

આપણે કોઈ વ્યક્તિને પ્રેમ કરીએ છીએ કે નહીં એનું કારણ તપાસવું હોય તો આપણે એ વ્યક્તિને કેટલી વાર યાદ કરીએ છીએ એ જાણવું પડે. ઘણાં એવું કહેતા હોય છે કે યાદ તો એવી વ્યક્તિને કરાય જેને આપણે ભૂલી ગયા હોઈએ પણ એવું નથી. યાદ કરવા પાછળનું એક કારણ સાથે જીવેલા સમયને આપણી અંદર ફરીથી જિવાડવો. યાદ આવવું એટલે એ વ્યક્તિને આપણી આસપાસમાં અનુભવવી. યાદ ભલે કપરી, યાદ કરવી ન ગમે એવી હોય છતાંય અંદરખાને તો એ યાદ આપણને ગમતી જ હોય છે. યાદ આવવું એટલે મુલાયમ સહવાસની ક્ષણોને શક્ય નથી તોપણ આકાર આપવો. અહીં સીધેસીધું એમ નથી

કહેવાયું કે 'હું ઝાડ છું', પણ કંઈક યાદ જેવું સળવળ્યું અને એના પરિણામે મારામાં કૂંપળ ફૂટી... સિમેન્ટ, કોંક્રીટના માણસમાં સંવેદના પડઘાય ત્યારે આવું બને. ગમતી યાદ ઘેરી વળે ત્યારે જ વૃક્ષનાં લાકડાંમાં કૂંપળ જેવી લાગણી ફૂટે...! ત્યારે જ કવિને 'હું ઝાડ છું' - એવું કહેવાનું અને ઝાડ બનવાનું મન થાય.

બીજો શે'ર પણ કંઈક અલગ મિજાજનો છે. સપનામાં ઘૂંટેલી છબીને કારણે આજે હાથમાં લોહીની ટશરો ફૂટી છે. કોઈકને પ્રેમ કરવાની લાલચનું આ નગ્ન સત્ય છે. રાત્રે જે છબીને ઘૂંટી હતી એ છબી જ સવારે પોતાનો રંગ બદલે છે. રાત્રે જે કાગળ ઉપર આપણે ઘૂંટવાની ગોઠડી માંડી હતી સવારે એ કાગળ કોરોકટ નીકળે ત્યારે નિરાશાને નેવે મૂકીને નિરાશ થવું પડે છે. અલબત્ત, આ શે'રમાં છબી ઘૂંટવાની વાત ગળે ઊતરતી નથી. છબીને ઘૂંટાય નહીં ચિત્રને ઘૂંટાય. ચિત્ર ઘૂંટી શકાય પણ છબી ઘૂંટીએ તો વિચિત્ર લાગે...! અને હા, છબીને જો ઘૂંટવી હોય તો તેને હાથથી નહીં આંખથી જોતાં જોતાં ઘૂંટવી પડે ખરું ને!

બાગમાં ગયા પછી પણ આપણે ઉદાસ થઈ જતા હોઈએ છીએ. આવી ઉદાસી આપણે કારણે ફૂલોને પણ વહોરવી પડે છે. આવી વ્યક્તિ ફૂલ ચૂંટતી હોય ત્યારે ફૂલોને પણ મજા નથી પડતી. ઉદાસ ચહેરે ચૂંટેલાં ફૂલ જલદી કરમાઈ જતા હોય છે. બાગની મોસમ બદલાઈ જાય છે. આ જ શે'રને બીજા સંદર્ભે પણ જોવા જેવો છે. કોઈક વ્યક્તિનું આગમન મોસમના પહેલા વરસાદ જેવું હોય છે. ફૂલની ડાળીઓ લચી લચીને એ વ્યક્તિ જ અમને ચૂંટે એવું કહેતી હોય એમ લાગે છે. બાગની ઉદાસીને એ વ્યક્તિ પોતાના સ્મિતમાં ઓગાળી નાખે છે. ઉદાસ થયેલાં ફૂલમાં એ વ્યક્તિ નવો જોમ પૂરતી હોય છે.

આખું ઘર લૂંટાઈ જાય છતાંય એ ઘરમાં ઊજવેલા પ્રસંગો અને એ ઘર સાથે સંકળાયેલી યાદો આપણી પાસેથી કોઈ લૂંટી શકતું નથી. એ યાદો, સ્મરણ, પ્રસંગો આપણા મર્યા બાદ પણ જીવતાં હોય છે. આ બધું કોઈને લૂંટવું હોય તો પણ કેવી રીતે લૂંટે? ઘણી મિલકતના આપણે આજીવન માલિક હોઈએ છીએ. યાદ, સ્મરણ, પ્રસંગો — આ બધું એમાંનું છે.

છેલ્લો શે'ર બેફામની શૈલી જેવો છે. મોત વિશે એમણે ખૂબ જ સુંદર શે'ર આપણને આપ્યા છે. આ શે'રમાં પણ આ કવિએ મોત વિશે વાત લખી છે. જિંદગી મોત સુધી ભેટવાનો પ્રયત્ન કરે છે ત્યાં સુધીમાં તો કોઈક શ્વાસને બંધ કરી દે છે. મોતની મંઝિલ સુધી પહોંચતામાં જિંદગીના ફુગ્ગામાંથી હવા નીકળી જાય

છે અને આપણું 'હોવું' હવેથી લાશ બની જાય છે.

અશોક ચાવડા 'બેદિલ' આપણી ગઝલનું નવું નામ છે. આ કવિ ગીતમાં પણ સભાનપણે કામ કરી રહ્યા છે. ગઝલની ઉદાસીને તેઓ પામી ગયા છે. આમેય ગઝલનો સ્થાયીભાવ ઉદાસી છે. અશોક ચાવડા ગઝલ લખતા નથી; એમની ગઝલ ઉપરથી એવું લાગે કે તેઓ ગઝલ ઘૂંટે છે. એમના જ એક શે'રથી આ લેખનો અંત કરું છું.

**કાંઠાઓ રોઈ રોઈને જળને પૂછી રહ્યા :**
**ભૂલી ગયું છે કોણ આ પગલાં તળાવમાં.**

**('સમભાવ' : ૨૦, જૂન ૨૦૦૧, 'અંતરનાં ઊંડાણમાં')**

## આંસુ એટલે ઓગળી ગયેલાં દશ્યો

•

### અંકિત ત્રિવેદી

કબૂલ થાય દુઆઓ જરૂરિયાત મુજબ;
મળે કદાચ વ્યથાઓ જરૂરિયાત મુજબ.
કદાચ હોય નહીં આંખમાં ખરા સમયે,
આ આંસુઓને વહાવો જરૂરિયાત મુજબ.
કરી ગયો છે બધું રાખ એકલો તણખો,
ફક્ત વહી'તી હવાઓ જરૂરિયાત મુજબ.
ઉદાસી, દર્દ અને આંસુઓ કદીક દગો,
બધાંને કામ હું આવ્યો જરૂરિયાત મુજબ.
દફન કરી ન શક્યું કોઈ લાશ 'બેદિલ'ની,
એ રોજ રોજ મરાયો જરૂરિયાત મુજબ.
(પૃષ્ઠ-૩) ('પગલાં તળાવમાં')

મંદિરમાં ભગવાનની સામે માંગેલી બધી જ દુઆઓ કબૂલ થઈ છે ખરી? દુઆ માંગતી વખતે બોલાયેલા અવાજના પડઘામાં વ્યથાનો સૂર સંભળાતો હોય છે. આપણી બધી જ દુઆઓ કબૂલ થતી હોય છે. પણ, આ વાત વ્યથાઓ માટે એટલી સાચી નથી. વ્યથાઓ જરૂરિયાત મુજબની ક્યારેય લાગે છે ખરી? વ્યથાઓ એની રીતે જરૂરિયાત મુજબની હોઈ શકે છે. પણ, આપણને ક્યારેય વ્યથાની જરૂરિયાત પડવાની નથી છતાં તે આપણી સાથે જ હોય છે. વ્યથાનો વસવસો નથી. વ્યથાને કારણે ગઝલનો નશો છે.

રડવાનું ભૂલી ગયેલા માણસો વચ્ચે જીવનારું આ શ્હેર છે. થોડા સમય

પછી આંસુને પણ મ્યુઝિયમમાં સાચવવા પડશે. આમેય, કેટલીક પળ એવી પણ હોય છે જ્યારે આંસુ ન આવ્યા હોય અને અંદરથી રડવાનું શરૂ થઈ ગયેલું હોય. આંખની એક મર્યાદા એ છે કે તે દૃશ્યોને સાચવે શકે છે, પણ આંસુને સાચવી નથી શકતી. ક્યારેક એવું પણ થાય છે કે આંસુ એટલે બીજું કંઈ નહીં પણ ઓગળી ગયેલાં દૃશ્યો...!

એક તણખો આખા ઘરને રાખ કરી શકે છે? તણખાને હવાનો સાથ મળે ત્યારે તંદુરસ્ત દીવાલોની તિરાડોમાંથી એકલતાનો ધુમાડો નીકળતો હોય છે. નાની અમથી વાત ક્યારેક એની વાતને લીધે નહીં પણ એ વાતને લીધે સાંભળી ગયેલાં વાતાવરણને લીધે મોટું સ્વરૂપ ધારણ કરે છે.

કોઈક આપણને કામ આવે છે એનાં કરતાં આપણે ઘણાના કામમાં આવતા હોઈએ છીએ. (આવું દરેક જણ માનતા હોય છે. હકીકતમાં એ હોતું નથી.) ઉદાસી, દર્દ, દગો, આંસુઓ... આ બધાને જ આપણે જીવાડવાના હોય છે. બધા જ આપણો એમની જરૂરિયાત મુજબ ઉપયોગ કરે છે.

શ્વાસ વગરનું શરીર મૃત જાહેર થાય છે. પણ શ્વાસ લેતા રહેવું એ જીવન નથી. ધીમે ધીમે ઝેર ચઢે એમ એક માણસ ધીમે ધીમે ખતમ થઈ જતો હોય છે. પછી લાશ દફન માટે નહીં, દર્દોને જીવાડવા માટે વપરાતી હોય છે.

જરૂરિયાત મુજબ જીવવા માંગતો માણસ ધીરે ધીરે જરૂરિયાતને ઓળંગીને જીવવા માંડે છે. કોઈક એવું છે જે આપણને વાપરે છે જરૂરિયાત મુજબ... અને હા! આસ્વાદ પણ લખવો જોઈએ જરૂરિયાત મુજબ..!

**('ગુજરાત સમાચાર' : ૭, એપ્રિલ ૨૦૦૪, 'ઝાકળ')**

## એક નોખા અભાવની સભાનતા...

●

**શૈલેષ પંડ્યા 'ભીનાશ'**

**થીજી ગયું છે એય પણ તારા અભાવમાં;**
**લોહી હવે વ્હેતું નથી એકેય ઘાવમાં.**
**કાંઠાઓ રોઈ રોઈને જળને પૂછી રહ્યા :**
**ભૂલી ગયું છે કોણ આ પગલાં તળાવમાં?**
**બત્રીસ ગુણની લાગણીનો ભોગ દઈ દીધો,**
**છલકાયું ત્યારે નીર આ આંખોની વાવમાં.**
**મંદિર વચોવચ એક માણસની કતલ,**
**ઈશ્વર છતાં આવ્યો નહીં એના બચાવમાં.**
**'બેદિલ' અરીસો આટલું કહીને ફૂટી ગયો,**
**મારાપણાની છે ઊણપ મારા સ્વભાવમાં.**
(પૃષ્ઠ-૧૧) ('પગલાં તળાવમાં')

શિસ્તબદ્ધ ગઝલની વાત આવે એટલે અશોક ચાવડા 'બેદિલ'નું સ્મરણ થયા વગર કેમ રહે? ગીત, ગઝલ, આસ્વાદ કે વિવેચન બધામાં એ નોખોઅનોખો તરી આવે એવો પ્રેમાળ અને લાગણીશીલ માણસ. પોતાની ગઝલમાં નવો ભાવ અને એ પણ નવા પરિવેશમાં રજૂ કરતો પ્રયોગશીલ ગઝલકાર એક એવી જ સુંદર ગઝલના ઉપાડમાં કહે છે -

**થીજી ગયું છે એય પણ તારા અભાવમાં;**
**લોહી હવે વ્હેતું નથી એકેય ઘાવમાં.**

પ્રિયજનની જુદાઈમાં વિરહના કારી ઘાવ રોજ તાજા જ રહે છે. છતાં એ

ઘાવમાંથી લોહી વ્હેતું નથી. આમ, મત્લાના શે'રમાં 'થીજી ગયું છે' શબ્દસમૂહ વાતને આધારે ભારપૂર્વક અને હૃદયપૂર્વક પ્રિય શ્વાસનો અભાવ સ્વીકારે છે. નિખાલસપૂર્વક કોઈનો અભાવ સ્વીકારવો એ પણ એક વિરલ ઘટના હોય છે અને આ અભાવ પણ કેવો છે... બધું જાણે અટકી ગયું છે... પ્રવાહિતા એની ગતિ છોડીને સ્થિર થઈ છે. ઉલા મિસરામાં વ્યક્ત થતી સંવેદનાને સાની મિસરાથી લાગણીસભર ટેકો મળે છે અને શે'રની શેરિયત એક ચોક્કસ ભાવથી ભીંજાતી-ભીંજાતી પ્રિયજનના અભાવની સભાનતા કેળવે છે.

**કાંઠાઓ રોઈ રોઈને જળને પૂછી રહ્યા :**
**ભૂલી ગયું છે કોણ આ પગલાં તળાવમાં?**

ભવ્ય અતીતને દરેક વ્યક્તિ સાચવી રાખતો હોય છે. અને હા, વ્યક્તિની સભાનતા જ અતીતને સાચવે છે એ પણ સાચું નથી?! કારણ કે જે સંવેદનાઓ જે ક્ષણે જે સ્થળે વ્યક્ત થઈ હોય, એકબીજામાં સમાઈ ગઈ હોય એવી ક્ષણોને એ સ્થળ પણ હંમેશાં પોતાની સાથે વીંટી લેતું હોય છે અને મારાપણાની સ્મૃતિ લઈ રોજ રોજ એ જ પગલાં ફરી ફરીને પોતાના પર પડે એવી આશા રાખતું હોય છે. કોઈ તળાવના કિનારે બનેલી ઘટના કદાચ આપણા મનમાંથી નીકળી પણ જાય. પરંતુ, એ તળાવનો કાંઠો સ્નેહથી ભર્યા ભર્યા પગલાં પોતાના પર અંકિત કરી લેતો હોય છે. શક્ય છે કે જનાર વ્યક્તિને આની ખબર પણ ના હોય છતાં સહજ સંબંધની Relationship ને લાગે છે કે કો'ક પગલાં ભૂલી ગયું છે અને આ વાતનું સ્મરણ થતાં એ વ્યક્તિ જરૂર પરત થશે. 'રોઈ રોઈને' શબ્દસમૂહ લયને ઘૂંટી-ઘૂંટીને વેદના વ્યક્ત કરે છે.

**બત્રીસ ગુણની લાગણીનો ભોગ દઈ દીધો,**
**છલકાયું ત્યારે નીર આ આંખોની વાવમાં.**

એક ઉત્તમ સમપર્ણભાવમાં બત્રીસ ભોગનો પ્રસાદ આપણે પરમાત્માને અર્પિત કરતા હોઈએ છીએ. સમર્પણમાં ત્યાગ અને બલિદાન જીતી જતા હોય છે. જૂના સમયમાં વાવમાં પાણી ના આવે તો બલિદાન જોડે-સજોડે અપાયાં હોય એવી ઘટનાઓ ભૂતકાળમાં બનેલી છે. અહીં આંખોની વાવમાં બત્રીસ ગુણની લાગણીનો ભોગ આપ્યા પછી નીર છલકાય છે. ક્યા બાત હૈ!... 'લાગણીનો ભોગ' શબ્દસમૂહ શે'રને ચમત્કૃતિ બક્ષી આપણી આંખોની વાવમાં ચમકી ઊઠે છે અને શે'રની શેરિયત વધારે ઊંચકાય છે.

**મંદિર વચોવચ એક માણસની કતલ,**
**ઈશ્વર છતાં આવ્યો નહીં એના બચાવમાં.**

આસ્તિકતા, નાસ્તિકતા, સમર્પણ અને સંકલ્પની વચ્ચે શ્વાસ લેતો આ શે'ર આપણને ક્ષણિક સ્તબ્ધ કરી દે છે. દરેક ધર્મનો સંદેશ ભલે શાંતિ હોય પણ ધર્મને કારણે જેટલા દુઃખો માનવજાતે ભોગવ્યા છે એનો પર્યાય જડવો મુશ્કેલ છે. મંદિર વચોવચ માણસની કતલ થાય અને ઈશ્વર એના બચાવમાં ના આવે એ સ્વાભાવિક બાબત છે. અત્યારના જડ થઈ ગયેલા માનસ પ્રત્યે ઈશ્વર પણ એની સંવેદના ગુમાવી દે એમાં નવાઈ પામવા જેવું કશું નથી. આમ પણ આપણે જીવતા માણસની કદર કરવાનું ભૂલી ગયા છીએ. દરેક આત્મામાં પરમાત્મા હોય છે. એટલે જ માણસની કતલ કરીને મંદિરમાંથી ઈશ્વર આવશે એ રાહ જોવી એ પણ નિરર્થક બાબત છે. અહીં શે'રની દૃષ્ટિએ ઉત્તમ કટાક્ષ વ્યક્ત કરાયો છે એમ કહી શકાય. 'કતલ' શબ્દ શે'રને વધારે માફક આવ્યો છે. આમ પણ, શે'રનો ભાવ શે'રને ઊંચકીને નવા જ ભાવવિશ્વમાં લઈ જાય છે. આ જ વાત અગાઉ કહેવાઈ નથી એમ પણ નથી, પરંતુ વર્તમાનના સંદર્ભમાં એને ક્લિક કરવાની રીત દાદ માંગી લે એવી છે.

**'બેદિલ' અરીસો આટલું કહીને ફૂટી ગયો,**
**મારાપણાની છે ઊણપ મારા સ્વભાવમાં.**

મક્તાના શે'રમાં, માણસપણાની સાચી વિભાવના વ્યક્ત થઈ છે. આપણે હંમેશાં બીજાની ઊણપ, એના અવગુણો, દોષો નજર સમક્ષ રાખીને વર્તન કરતા હોઈએ છીએ. પ્રેમની બાબતમાં પણ સમગ્રતાનો ભાવ ક્યાંય આપણા હૃદયમાં સળવળતો નથી. આપણે સંકુચિતતા અને વાડાવૃત્તિમાંથી બહાર જ આવવા માંગતા નથી. 'મારાપણાની છે ઊણપ' શબ્દસમૂહ આપણને હચમચાવે છે. અહીં કોઈ વ્યક્તિવિષયક વાત નથી. પ્રતિબિંબમાં, સ્વભાવમાં આપણે જેવા છીએ એવા દેખાવાના અને આ વાત અરીસો સાચું બોલીને ફૂટી જાય છે. અરીસાને પણ કદાચ માણસની આક્રમક પ્રકૃતિની ખબર હશે. ખેર, ગુજરાતી ગઝલના ઉત્તમ મક્તામાં સ્થાન પામે એટલો મજબૂત મક્તા છે.

અભાવમાં, ઘાવમાં, તળાવમાં, વાવમાં, બચાવમાં, સ્વભાવમાં – એટલે કે હમરદીફ, હમકાફિયામાં ગઝલ લખાઈ છે. ગઝલનો રઝજ છંદ ગઝલને એના લયમાં લગભગ જાળવે છે. મત્લાથી મક્તાના શે'ર સુધી એક ગજબનો ભાવ

માનસપટ પર છવાઈ જાય છે. લઘુ-ગુરુની છૂટછાટ પણ ધ્યાન બહાર ના લઈ શકાય. બીજા શે'રમાં, ઉલા મિસરામાં – 'કાંઠાઓ' શબ્દમાં 'ઓ'ને લઘુ તરીકે લેવામાં આવ્યો છે. ઈ,આ, એ -ને ઘણા ગઝલકારો લઘુ તરીકે લેતા હોય છે, પરંતુ 'ઓ'ને જ્યારે લઘુ તરીકે લેવામાં આવે ત્યારે સહજ રીતે, ગઝલનો લય, પ્રવાહિતા અને ઉચ્ચારણની દૃષ્ટિએ વજનમાં થતો ફેરફાર આપણું ધ્યાન ખેંચે જ. જો કર્ણકલેશ ના થતો હોય અને ગઝલિયત ઊંચે જતી હોય ત્યારે છૂટછાટ નભી જતી હોય છે. ગઝલમાં વ્યક્ત થતી નવી સંવેદનાઓ, નવા શબ્દપ્રયોગો મને વિશેષ ગમ્યા છે.

આજે શ્રેષ્ઠતમ થવાની દોડમાં અશોક ચાવડા 'બેદિલ' શાંતિથી કિનારે બેસી સંબંધોની સર્જનાત્મકતા હૃદયમાં રાખી, ગંભીરતાથી કાર્યમાં સતત પ્રવૃત્ત રહે છે એ સુકાતી જતી આંખોની સંવેદનામાં લીલીછમ વાત છે.

**('તાદર્થ્ય' : જાન્યુઆરી ૨૦૦૮)**

## અશોકનાં પગલાં

●

## રઘુવીર ચૌધરી

અશોક ચાવડા (જન્મ : ૧૯૭૮) જન્મે ઝાલાવાડના. એમના સાત પુસ્તકો ૨૦૧૨માં પ્રગટ થયા છે. 'પગલાં તળાવમાં' (બીજી આવૃત્તિ), 'પગરવ તળાવમાં', 'તું કહું કે તમે?', 'ડાળખીથી સાવ છૂટાં', 'પીટ્યો અશ્કો', 'ગઝલિસ્તાન' અને 'શબ્દોદય'. ગઝલ, ગીત, પ્રતિબદ્ધ કવિતા, હળવી રચનાઓ અને વિવેચન - તમામમાં એક ધોરણ અશોક ચાવડા જાળવતા વરતાય છે.

'કુમાર'ના તંત્રી ધીરુભાઈ પરીખ સાથે કામ કરવાની તક મળી એની સાથે એ સતત અભ્યાસ કરતા રહ્યા. વાણિજ્ય, અંગ્રેજી સાહિત્ય, પત્રકારત્વ અને દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોમાં પારંગત થઈ પીએચ.ડી. પણ થયા છે. હવે જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીમાં કાર્યરત છે. અંગ્રેજી અને ઉર્દૂ બેઉ ભાષા પર પ્રભુત્વ ધરાવતા એમના જેવા નવલેખકો બહુ ઓછા છે. તો મુકુલ ચોકસી અને રઈશ મનીઆરની પરંપરના એ હાસ્યકવિ પણ છે.

**નદીમાં પડ્યાં'તાં અમે સાથ મરવા,**
**હું ડૂબી ગયો એ બચી ગઈ તરીને.**

હાસ્યમાં સરેરાશ સ્તરે જઈ લગ્ન જેવા સંબંધને હળવાશથી ઘટાવવાની છૂટ હોય છે :

**એ જ લોકો આમ તો બહુ ભાગ્ય શાળી હોય છે;**
**જેમને સાળા નથી હોતા ને સાળી હોય છે.**

હાસ્યની ગીતરચનાઓમાં અંગ્રેજી શબ્દોની ભરપૂર મદદ મળી છે. નાયિકાની ઉક્તિ છે :

**ઇંગ્લિશમાં ઇલુ ઇલુ બબડ્યા કરે છે એને આવડે ના ગુજરાતી કક્કો,**
**પીટ્યો અશ્કો**

અશોકની આકૃતિ-પ્રકૃતિ એવી છે કે ભાગ્યે જ કોઈ એને ધક્કો મારે પણ આ તો હસવા-હસાવવા માટેની ચાલ છે. કેટલીક રચનાઓ કદાચ કવિ ભવિષ્યમાં રદ પણ કરે, પણ સામાજિક-શૈક્ષણિક સંદર્ભોવાળી રચનાઓ ટકશે.

**બધા રૂપિયા શેઠના વાપરીને;**
**ફગાવી અમે શેઠની નોકરીને.**
**મને મેડલો એટલે તો મળ્યા છે,**
**થયો પાસ હું કાપલીઓ કરીને.**

**'ગઝલિસ્તાન'**ના કવિતાના અનુવાદક તરીકે ડૉ. અશોક ચાવડાનું વિરલ પ્રદાન લેખાશે. પ્રો. વારિસ અલવીસાહેબ કહે છે તેમ 'મૌલિક કૃતિ જેટલો જ આકર્ષક અનુવાદ' છે આ. એમણે ટાંકેલા શેરમાંનો એક આ છે :

**કંપીને હોઠ ચૂપ રહ્યા તે છતાં 'જિગર',**
**આંખો જતી વખત એ મિલાવી જતા રહ્યા.**

અશોક ચાવડાએ કાફિયા બદલીને નાદસૌંદર્ય સાધ્યું છે એનો દાખલો ડૉ. ચિનુ મોદી આપે છે :

**આ વખત છૂટા પડે તો શક્ય સપનામાં મળે;**
**જે રીતે સૂકાં થયેલાં ફૂલ પોથીમાં મળે.**

અશોક ચાવડાની લયસિદ્ધિ નોંધપાત્ર છે તેથી ભાવની તીવ્રતા કે સચ્ચાઈ હોય કે ન હોય એ શબ્દને શબ્દથી જોડી શકે છે. આ સંગ્રહની સરખામણીમાં **'ડાળખીથી સાવ છૂટાં'** સંગ્રહની પ્રતિબદ્ધ રચનાઓ સામાજિક નિસબત ધરાવતા ભાવકોને વધુ સ્પર્શી જશે.

દલિત સંવેદનની સફળ ગઝલ તરીકે ડૉ. રાજેશ પંડ્યાએ 'બ્હાર રાખ્યો છે' રચનાને સને ૨૦૦૯ના કવિતાચયનમાં મૂલવી છે. સમાનતાનો સ્વીકાર કેટલો છેતરામણો છે :

**જમાનાની નવી આબોહવાને માન આપીને,**
**મને સાથે જ રાખીને સફરની બ્હાર રાખ્યો છે.**

**('દિવ્ય ભાસ્કર' : ૧૯ મે, ૨૦૧૪, 'સાહિત્ય વિશેષ')**

## :: અશોક ચાવડાનાં અન્ય પુસ્તકો ::

- **કવિતા**

૧. પગલાં તળાવમાં (ગઝલસંગ્રહ), ૨૦૦૩, ૨૦૧૨, ૨૦૧૪, ૨૦૧૭
૨. પગરવ તળાવમાં (ગઝલસંગ્રહ), ૨૦૧૨, ૨૦૧૪, ૨૦૧૭
૩. તું કહું કે તમે? (ગીતસંગ્રહ), ૨૦૧૨, ૨૦૧૪, ૨૦૧૭
૪. પીટ્યો અશ્કો (હાસ્ય-વ્યંગ કવિતાસંગ્રહ), ૨૦૧૨, ૨૦૧૪, ૨૦૧૭
૫. ડાળખીથી સાવ છૂટાં (પ્રતિબદ્ધ કવિતાસંગ્રહ), ૨૦૧૨, ૨૦૧૪, ૨૦૧૭

- **વિવેચન**

૧. શબ્દોદય, ૨૦૧૨, ૨૦૧૪, ૨૦૧૭

- **અનુવાદ**

૧. ગઝલિસ્તાન (ઉર્દૂ ગઝલોનો પદ્યાનુવાદ), ૨૦૧૨, ૨૦૧૪, ૨૦૧૭
૨. દૂરસુદૂર અંતરિક્ષમાં (મૂ.લે. આર્વી ત્રિવેદી), ૨૦૧૩
૩. પાચનતંત્રના રોગો (મૂ.લે.ડૉ. ભીમ કુમાર ઝા), ૨૦૧૩,૨૦૧૪,૨૦૧૫,૨૦૧૬
૪. મહાન ધારાશાસ્ત્રી ડૉ. આંબેડકર (મૂ.લે. ડૉ. એચ. વી. હાંડે), ૨૦૧૬
૫. સરળ આયુર્વેદિક ઉપચાર (મૂ.લે. ડૉ. ભીમ કુમાર ઝા), ૨૦૧૭

- **સંપાદન**

૧. જાગને જાદવા (મનહર મોદીની ગઝલનો આસ્વાદ), ૨૦૧૭
૨. પોતપોતાની તરસ (ડૉ. હર્ષદેવ માધવની ગઝલો), ૨૦૧૭

- **શબ્દકોશ**

૧. કન્સાઇઝ ડિક્શનરી ઑફ પ્રેક્ટિકલ વર્બ્સ, ૨૦૧૨, ૨૦૧૩, ૨૦૧૪,૨૦૧૫

## :: પુરસ્કાર ::

૧. સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર-૨૦૧૩, સાહિત્ય અકાદમી, દિલ્હી, ૨૦૧૩
૨. દાસી જીવણ ઍવોર્ડ-૨૦૧૩-૧૪, ગુજરાત સરકાર, ૨૦૧૩
૩. યુવા ગૌરવ પુરસ્કાર-૨૦૧૨, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુ.સ., ૨૦૧૩
૪. ગુજરાત સાહિત્ય અકાદમી શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક-૨૦૧૨, કવિતા-૩
૫. ગુજરાત સાહિત્ય અકાદમી શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક-૨૦૧૨, હાસ્યવ્યંગ-૩

## :: સંપર્ક ::


- Mobile : +91-9426 680 633
- E-mail : a.chavda@yahoo.co.in
- Website : www.ashokchavda.com